RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 26* Date: 15.11.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## અયોધ્યાની મસ્જિદનું બાંધકામ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂરું થવાની શક્યતાઃ ટ્રસ્ટ



લખનૌ,તા.૧૪

રામજન્મભૂમિ કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશને પગલે અયોધ્યામાં બની રહેલી મસ્જિદનું બાંધકામ આગામી વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂરું થવાની શક્યતા છે. મસ્જિદના કન્સ્ટ્રક્શનની જવાબદારી સંભાળતા ટ્રસ્ટે આવી માહિતી આપી છે.

ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટના સેક્રેટરી અથર હુસૈને જણાવ્યું હતું કે, 'અમને ચાલુ મહિનો પૂરો થતા સુધીમાં અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી તરફથી પ્રસ્તાવિત મસ્જિદ, હોસ્પિટલ, લાઈબ્રેરી, રિસર્ચ સેન્ટર સહિતના નકશાની મંજૂરી મળવાની આશા છે.અમે ત્યાર પછી તરત મસ્જિદનું બાંધકામ શરૂ કરીશું.' તેમણે કહ્યું હતું કે, 'ધન્નીપુર અયોધ્યા મસ્જિદનું બાંધકામ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂરું થવાની શક્યતા છે. ત્યાર પછી પાંચ એકરની જમીનમાં તૈયાર થનારા મૌલવી અહમદુલ્લાહ શાહ કોમ્પ્લેક્સની બાકીની ઈમારતો પૂરી કરાશે.' ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે લાંબા સમયથી ચાલતા અયોધ્યા વિવાદમાં એક સમયે બાબરી મસ્જિદ હતી એ સ્થળે ૨.૭૭ એકરના પ્લોટમાં રામ મંદિરના બાંધકામનો આદેશ આપ્યો હતો.

કોર્ટે આ જ ચુકાદામાં ઉત્તર પ્રદેશના જિલ્લામાં મસ્જિદના બાંધકામ માટે પાંચ એકર જમીન ફાળવવા નિર્દેશ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ ઓગસ્ટ ૨૦૨૦માં અત્યારે બની રહેલા રામ મંદિરનું ભૂમિપૂજન કર્યું હતું.

### ભાજપ - કોંગ્રેસમાં ભડકો

# ઈમરાન ખેડાવાલાની ટિકિટ કાપી શાહનવાઝને આપવા કોંગ્રેસ કાર્યાલયે તોડફોડ, ભરતસિંહની તસવીરો સળગાવાઈ

અમદાવાદ,તા.૩૦

જમાલપુર બેઠક પર ટિકિટ આપવાને લઈને કેટલાય સમયથી વિવાદ ચાલી રહ્યો હતો.જમાલપુર-ખાડિયા બેઠક પર ઉમેદવાર બદલવાની માગ કરી એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના નેતાઓએ રાજીવ ગાંધી ભવને માથે લીધું હતું. અહીં તોડફોડ કરી હતી અને ભરતસિંહ સોલંકીની તસવીરોને સળગાવી હતી. એટલું જ નહીં, ત્યાં લગાવવામાં આવેલા પ્રદેશ પ્રમુખના અત્યારસુધીનાં બેનરમાંથી કેટલાંકને તોડી દેવાયાં હતાં અને કેટલાંક પર કાળી શાહી લગાવી હતી.

એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ સોશિયલ મીડિયામાં રાજીનામાં આપ્યા હતા. તેના ગણતરીના કલાક બાદ પાલડી સ્થિત કોંગ્રેસના હેડક્વાર્ટર રાજીવ ગાંધી ભવન પર આ બંને જૂથનું એક ટોળું ધસી ગયું હતું. સીડીઓની દીવાલ પર ભરતસિંહ સોલંકી વિરુદ્ધ લખાણો લખ્યાં હતાં. ત્યાર બાદ અંદર જઈને સૂત્રોચ્ચાર કર્યો હતો. વિવિધ બેનર સાથે પહોંચેલા કાર્યકરોએ પહેલા દેખાવો કર્યા હતા. બાદમાં ઉગ્ર વિરોધ કરીને કોંગ્રેસ કાર્યાલયની અંદર જ વિરોધ દર્શાવતાં લખાણો લખ્યાં હતાં અને વિવિધ નેમપ્લેટ તોડી હતી. બાદમાં ભરતસિંહ સોલંકીની તસવીરોને સામૂહિક રીતે સળગાવી હતી.

કોંગ્રેસ દ્વારા જમાલપુર બેઠક પરથી અત્યારના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને ટિકિટ આપવામાં આવી છે. ઈમરાન ખેડાવાલાને ટિકિટ ના આપવામાં આવે એ માટે એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના નેતાઓ જ વિરોધ કરી રહ્યા હતા.

સોશિયલ મીડિયા પર પણ કેમ્પેન ચલાવવામાં આવ્યું હતું. કોંગ્રેસ ઓફિસ પર પણ ૨ દિવસ અગાઉ નારેબાજી કરવામાં આવી હતી. અનેક પ્રયત્ન કર્યા છતાં પણ



શાહનવાઝને ટિકિટ ના આપીને ઈમરાન ખેડાવાલાને ટિકિટ આપતાં રોષે ભરાયેલા યુવા નેતાઓએ રાજીનામાં આપ્યા છે. હજુ આજે પણ અનેક યુવા નેતા રાજીનામાં આપશે.

યુવા નેતાઓની માગણી છે કે મનહર પટેલ નારાજ થતાં બોટાદ બેઠક પર જાહેર કરેલા ઉમેદવારને બદલીને મનહર પટેલને મેન્ડેટ આપીને ભૂલ સુધારી છે, તે જ ઈમરાન ખેડાવાલાને બદલીને શાહનવાઝને મેન્ડેટ આપીને ભૂલ સુધારવામાં આવે. શાહનવાઝને ટિકિટ નહીં મળે તો કોંગ્રેસ વિરોધ જ પ્રચાર કરીને ઈમરાન ખેડાવાલાને હરાવવા પ્રયત્ન પણ કરશે.

એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના આગેવાનો શાહનવાઝ શેખને ટિકિટ મળે એ માટે પ્રયત્ન કરી રહ્યા હતા. ૨ દિવસ અગાઉ ખાનગી હોલમાં ભેગા થઈ એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના નેતાઓએ શક્તિપ્રદર્શન પણ કર્યું હતું, પરંતુ જમાલપુર બેઠક પરથી શાહનવાઝ શેખને ટિકિટ ના મળતાં એનએસયુઆઇ અને યૂથ કોંગ્રેસના ૧૦થી વધુ નેતાઓએ ગત મોડી રાતે રાજીનામાં આપી દીધા છે.કોંગ્રેસ દ્વારા વડોદરા જિલ્લાની વાઘોડિયા બેઠક પર પૂર્વ સાંસદ સત્યજિતસિંહ ગાયકવાડ અને ડભોઈ બેઠક પર ભાજપામાંથી સસ્પેન્ડ કરાયેલા પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ (ઢોલાર)નું જાહેર કરવામાં આવ્યું હતું.

અપેક્ષા મુજબ વાઘોડિયાની બેઠક પર સ્થાનિક કોંગ્રેસ કાર્યકરને બદલે આયાતી સત્યજિતસિંહ ગાયકવાડનું નામ જાહેર થતાં કોંગ્રેસ કાર્યકરોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. આજે વડોદરા તાલુકા કોંગ્રેસના ૧૦૦ હોદ્દેદાર સહિત કાર્યકરોએ કોંગ્રેસના સભ્યપદેથી સામૂહિક રાજીનામાં આપી દીધા હતા.

ઇતિહાસમાં પહેલી વખત ચોર્યાસી બેઠકમાં ઉમેદવારની પસંદગીને લઈને ભારોભાર વિરોધ નોંધાતાં ભાજપમાં પણ અંદરઅંદર ગણગણાટ શરૂ થઈ ગયો છે. સુરતમાં ભાજપે ચોર્યાસી વિધાનસભા પર ઝંખનાબેનની ટિકિટ કાપી સંદીપ દેસાઈને ટિકિટ આપી છે, જેને લઈને વિરોધ પણ સામે આવી રહ્યો છે. કાંઠા વિસ્તારમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે, જયાં કોળી પટેલ મતદારોની સંખ્યા ખૂબ જ વધારે છે અને આ તમામ મતદારો ભારતીય જનતા પાર્ટીના કમિટેડ વોટર્સ માનવામાં આવે છે ભાજપના અલ્પેશ ઠાકોરને ગાંધીનગર દક્ષિણથી ટિકિટ અપાશે તે નક્કી છે. તેવામાં અલ્પેશની સાથે સંકળાયેલા ધવલસિંહને બાયડ બેઠક પર ભાજપની ટિકિટ ન મળતાં નારાજ છે.

ત્યારે બાયડ ખાતે ધવલસિંહ ઝાલાને ટિકિટ આપવાની માંગ સાથે સ્થાનિક ભાજપ કાર્યકરો કમલમ પહોંચ્યા હતા અને હંગામો કર્યો હતો.ભાજપ અને કોંગ્રેસના કાર્યાલયોમાં ભારે હંગામો થતા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં બળદગાડાની રેસ દરમિયાન ૨ જૂથ વચ્ચે અથડામણ,

### રસ્તા પર અનેક રાઉન્ડ ગોળીઓ વરસાવી

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અંબરનાથમાં રસ્તામાં જાહેરમાં અંધાધૂંધ ફાયરિંગની ઘટના સામે આવી છે.

શરૂઆતી તપાસમાં માહિતી મળી છે કે બળદગાડીની રેસને લઈને બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી અને લડાઈ પણ થઈ હતી. ત્યાર પછી ૧૫-૨૦ રાઉન્ડ ફાયરિંગ થઈ હતી. તેમાં કોઈના ઘાયલ થયાની માહિતી નથી મળી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે.

ક્લિપમાં દેખાઈ રહેલું છે કે કેટલાક લોકો ગાડીની આજુબાજુ ઉભેલા છે, ત્યારે સામેની તરફથી અચાનક ગોળીબારી કરવામાં આવે છે. આ દરમિયાન રસ્તામાં અફરાતફરીનો માહોલ સર્જાય છે.



જેમ જેમ ગોળીબાર ચાલુ રહ્યો તેમ, કેટલાક લોકો કવર માટે વાહનોની પાછળ દોડે છે, જ્યારે અન્ય લોકો પાર્ક કરેલી કારની પાછળ સંતાવાનો પ્રયાસ કરે છે.રિપોર્ટ અનુસાર, આ ઘટના થાણે જિલ્લાના અંબરનાથમાં બળદગાડાની રેસ દરમિયાન થઈ, જયારે બે વ્યક્તિ પનવેલનો પંઢરીશેઠ ફડકે અને કલ્યાણના રાહુલ પાટિલ વચ્ચે બોલચાલ થઈ હતી. ત્યાર પછી બંને જૂથ વચ્ચે લડાઈ શરૂ થઈ હતી. આ દરમિયાન એક જૂથે બીજા જૂથ પર ફાયરિંગ શરૂ કર્યું. રાહુલ પાટિલનો આરોપ છે કે, ફડકેના સમર્થકોએ તેમની ગાડીમાં તોડફોડ પણ કરી હતી.ઘટનાની સૂચના મળતા જ શિવાજીનગર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી, ત્યાં સુધી લોકો ત્યાંથી નીકળી ચૂક્યા હતા. થોડા સમય પછી રાહુલ પાટિલના સમર્થકો ઘટના સ્થળે જમા થઈ ગયા. જેના કારણે સ્થિતિ તંગ બની હતી. પોલીસે જણાવ્યું કે આ કેસના આરોપીઓની ઓળખ કરી લેવામાં આવી છે અને તેમને શોધવા માટે ૮ થી ૧૦ ટીમો મોકલવામાં આવી છે.

## સંસદની સ્થાયી કમિટીની મીટિંગ્સમાં હાજર રહેવામાં સાંસદોને રસ નથી

નવીદિલ્હી,તા.૧૪

વિવિધ પક્ષોના સાંસદો સંસદની સ્થાયી સમિતિની બેઠકોમાં હાજરીથી દૂર ભાગતા હોય છે. સંસદમાં બિલો દાખલ થાય ત્યારે તેની પર ચર્ચા માટે સપ્ટેમ્બરમાં આ કમિટીની રચના કરાઇ હતી. લોકસભાની વેબસાઇટ પર આપેલી માહિતીમાંથી જાણવા મળ્યું છે. નીચલા ગૃહમાં ૧૩ જેટલી સ્થાયી સમિતિની ફેરરચના બાદ ઓક્ટોબરથી નવેમ્બર ૨૦૨૨ સુધી ૨૨ મીટિંગ્સ યોજાઇ હતી. જેમાં સરેરાશ માત્ર ૧૬ સભ્યો જ હાજર રહ્યા હતા. મહત્વની ચર્ચાઓમાં સાંસદોની નીરસતા રહી હતી.આ મીટિંગ્સમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ચર્ચામાં લેનાર મુદાઓની વિચારણા પણ થાય છે. સંસદની સ્થાયી સમિતિમાં લોકસભા અને રાજ્યસભામાંથી ૩૧ સભ્યોની બનેલી હોય છે. જેમાં નીચલા ગૃહમાંથી ૨૧ અને ઉપલા ગૃહમાંથી ૧૦ સભ્યો હોય છે. લોકસભાની એક ડઝનથી વધુ સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગ્સમાં ૪૦ ટકાથી વધુ સભ્યો ગેરહાજર હોય છે.

આ કમિટીઓમાં કૃષિ, અન્ન અને ગ્રાહક બાબતો, વિદેશી બાબતો, કોમર્સ, હાઉસિંગ અને શહેરી બાબતો, સામાજિક ન્યાય અને સહકારિતા જેવા વિભાગોનો સમાવેશ થાય છે. આ કમિટીઓમાં ભાજપના સભ્યોની સંખ્યા સૌથી વધુ છે તો તેમની ગેરહાજરી પણ વધુ છે. જોકે તેમાં ગેરહાજર રહેનારામાં મનમોહન સિંઘ અને રાહુલ ગાંધીનો પણ સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે ભાજપ સાંસદો સંસદીય કમિટીની બેઠકમાં હાજર રહે તેની ખાતરી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત આ મામલે કહેતા હોય છે.

## પંજાબના અમૃતસરમાં ભૂકંપ, રિક્ટર સ્કેલ પર ૪.૧ની તીવ્રતા નોંધાઈ

અમૃતસર,તા.૧૪

પંજાબના અમૃતસરમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સોમવારે વહેલી સવારે અમૃતસરમાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ મધ્યરાત્રે ૩.૪૨ કલાકે આવ્યો હતો જેનું કેન્દ્રબિંદુ અમૃતસરથી ૧૪૫ કિમી દૂર હતું. એનસીએસ અનુસાર, આ ભૂકંપ જમીનની નીચે ૧૨૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. આ પહેલા શનિવારે રાત્રે ઉત્તર ભારતમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા.

રિપોર્ટ્સ અનુસાર, શનિવારે આવેલા ભૂકંપના જોરદાર આંચકાને કારણે ચંદીગઢમાં એક આર્ટ કોલેજની દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે આમાં કોઈ દુર્ઘટના થઈ નથી. રિપોર્ટ અનુસાર,



શનિવારે રાત્રે લગભગ ૮ વાગ્યે ભૂકંપ આવ્યો હતો, પરંતુ સરકારી આર્ટ કોલેજની દિવાલ ૧૦ વાગ્યે ધરાશાયી થઈ ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતના ઘણા રાજયોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

શનિવારે રાત્રે આવેલા ભૂકંપના આંચકા ઉત્તર પ્રદેશના નોઈડા, ગાઝિયાબાદ અને દિલ્હીમાં અનુભવાયા હતા.એનસીએસ અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી. જોકે તેનું કેન્દ્ર નેપાળમાં જણાવવામાં આવ્યું હતું. નેપાળની ભૂકંપ મોનિટરિંગ સંસ્થાના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર બજાંગમાં હતું.એટલું જ નહીં ઉત્તરાખંડમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. શનિવારે, લગભગ ૪.૨૫ વાગ્યે રાજ્યના પૌડી ગઢવાલ ક્ષેત્રમાં ૩.૪ની તીવ્રતાનો હળવો ભૂકંપ નોંધાયો હતો. બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના સિસ્મિક ઝોનિંગ નકશા અનુસાર, દિલ્હી સિસ્મિક ઝોન ૪ માં આવે છે, ઝોન ૪ માં એવા વિસ્તારોનો સમાવેશ થાય છે જે સિસ્મિકલી બીજા કરતા સૌથી વધુ સક્રિય છે, જ્યારે ઝોન ૫ સૌથી વધુ સક્રિય છે, જેમાં ધરતીકંપનું સૌથી વધુ જોખમ રહે છે.

## કેથરિન કોર્ટેઝે ડેમોક્રેટ્સ માટે ૫૦મી બેઠક જીતીને પક્ષને અસરકારક બહુમતી સિદ્ધ કરાવી

વોશિંગ્ટન,તા.૧૪

નેવાડામાં ડેમોક્રેટ પદના ઉમેદવાર કેથરિન કોર્ટેઝે ડેમોક્રેટ્સ માટે ૫૦મી બેઠક જીતીને પક્ષને અસરકારક બહુમતી સિદ્ધ કરાવી આપી. આ વિજય સાથે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને રાહતનો શ્વાસ લીધો છે. સેનેટ પર અંકુશ જાળવવા માટે જરૂરી ૫૦મી બેઠક જીતવાની સાથે બાઈડેન માટે ૨૦૨૪ સુધીનો માર્ગ મોકળો થઈ ગયો છે.આના પગલે સેનેટ પર ડેમોક્રેટ્સનો જ અંકુશ રહેશે, પરંતુ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પણ બહુ પાછળ નથી તેણે પણ ૪૯ બેઠક જીતીને ડેમોક્રેટ્સને બરોબરની ટક્કર આપી હતી. છેલ્લે નેવાડાની બેઠક પર ડેમોક્રેટ્સના ઉમેદવાર કેથરિન કોર્ટેઝના વિજય સાથે ૫૦મી બેઠક જીતી હતી.

સામાન્ય રીતે મિડટર્મ ચૂંટણીના પરિણામ સત્તા પક્ષ વિરોધી હોય છે. તેમા પણ આ વર્ષે ઊંચો ફુગાવો ,મોંઘવારીના લીધે સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ પર રેડ વેવ ફરી વળશે તેમ કહેવામાં આવતું હતું, પણ આમ થયું ન હતુ. આ ઉપરાંત એક સમયે ટાઇ થવાની પણ સંભાવના પણ હતી. ૫૦-૫૦ બેઠકની ટાઇ થઈ હોય તો ઉપપ્રમુખ કમલા હેરિસે ટાઇબ્રેકર વોટ આપવો પડ્યો હોત.

જો કે રિપબ્લિકન માટે હજી પણ પૂરુ થયું નથી. જયોર્જિયાની બેઠકની ચૂંટણી બાકી છે અને તે ડિસેમ્બરમાં યોજાશે. તેને જીતવા માટે બંને પક્ષા સ્વાભાવિક રીતે એડીચોટીનું જોર લગાવશે.

# જી ૨૦ સમિટ : ૧૪ થી ૧૬ નવેમ્બર સુધી બાલીની મુલાકાતે : ઘણા મુદ્દાઓ પર વિશ્વના નેતાઓ સાથે વાતચીત થશે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઈન્ડોનેશિયા જવા રવાના થઈ રહ્યા છે. અહીં તેઓ બાલીમાં યોજાનારી G-૨૦ સમિટમાં ભાગ લેશે અને વિવિધ દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. ઈન્ડોનેશિયાના પ્રસ્થાન પહેલા, પીએમ મોદીએ તેમના પ્રસ્થાન નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ બાલી સમિટ દરમિયાન વૈશ્વિક વિકાસ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, પર્યાવરણ, આરોગ્ય અને ડિજિટલ પરિવર્તન જેવા વૈશ્વિક ચિંતાના મુખ્ય મુદ્દાઓને પુનર્જીવિત કરવા G૨૦ નેતાઓ સાથે જોડાશે. તમારી સાથે વિગતવાર ચર્ચા કરો. G૨૦ સમિટની બાજુમાં,વડાપ્રધાનમોદી વિશ્વના ઘણા ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

પીએમ મોદીએ કહ્યું, 'બાલીમાં જી-૨૦ સમિટની બાજુમાં, હું અન્ય ઘણા સહભાગી દેશોના નેતાઓને મળીશ અને તેમની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરીશ. હું ૧૫ નવેમ્બરે બાલીમાં ભારતીય સમુદાયને સત્કાર સમારંભમાં સંબોધવા માટે પણ ઉત્સુક છું. કોન્ફરન્સના સમાપન સમારોહમાં ઈન્ડોનેશિયા G૨૦નું અધ્યક્ષપદ ભારતને સોંપશે. ઈન્ડોનેશિયા G૨૦ ના વર્તમાન અધ્યક્ષ છે. ભારત ૧ ડિસેમ્બરથી ઔપચારિક રીતે G૨૦નું પ્રમુખપદ સંભાળશે.પીએમ મોદીએ કહ્યું, 'ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો બાલી સમિટના સમાપન સમારોહમાં ભારતને જી ૨૦ પ્રેસિડન્સી સોંપશે, જે આપણા દેશ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ હશે. ભારત ૧ ડિસેમ્બરથી સત્તાવાર રીતે ય૨૦ નું પ્રમુખપદ ગ્રહણ કરશે. વડાપ્રધાને કહ્યું કે તેઓ વૈશ્વિક પડકારોના સામૂહિક ઉકેલો શોધવામાં ભારતની સિદ્ધિઓ અને અતૂટ પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરશે. આ સમિટમાં ભાગ લેવા માટે વડાપ્રધાન ત્રણ દિવસની મુલાકાતે ઈન્ડોનેશિયા જઈ રહ્યા છે. તેઓ ૧૪ થી ૧૬ નવેમ્બર સુધી બાલીની મુલાકાતે જશે. તેઓ યુક્રેન સંઘર્ષની અસર સહિત વૈશ્વિક પડકારો પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે, ખાસ કરીને ખાદ્ય અને ઉર્જા સુરક્ષાના ક્ષેત્રોમાં જેમાં અનેક દેશોના નેતાઓ ભાગ લેશે.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ આ સમિટમાં ભાગ લેશે. પીએમ મોદીએ કહ્યું, 'ભારત ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ઔપચારિક રીતે જી૨૦નું પ્રમુખપદ સંભાળશે.

## તંત્રી સ્થાનેથી...

# સંબંધોમાં સોહાદપૂર્ણ વલણ



*કિસ્મત કુરેશેની આ પંક્તિઓ વિચારવાની તક આપે છે. સંબંધની સપાટી જીવનમાં દળદાર હોય છે. સંબંધનો નિચોડ તો જીવનનું મજબૂત પોત છે. સામાન્ય રીતે સંબંધો બે પ્રકારના હોય છે. અંગત અને ઔપચારિક, જેટલી કાળજી ઔપચારિક સંબંધની રખાવટમાં કરીએ છીએ તેટલી ચીવટ અંગત સંબંધોમાં કરતા નથી ! સંબંધોનું ટકાઉપણું તેના સંવર્ધન પર આધારિત છે. બાળક જન્મે ત્યારથી જ તે અનેક સંબંધોથી સહજપણે જ જોડાઈ જાય છે. શિશુવયે તેને સંબંધોની સમજ હોતી નથી, પણ વિશાળ સંખ્યામાં સગાઓ સાથે જોડાઈ જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી ક્યારેક અનુભવતો ખાલીપો તેને ડરાવે છે. પરિણામે મિત્ર જેવા વિકલ્પોને શોધતો રહે છે. ફેસ ટુ ફેસ ફ્રેન્ડ, ફેસબુક ફ્રેન્ડ, ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ, ટ્વિટર ફ્રેન્ડ કે કોઈ એક ફેસને જ લૂક અને લાઈક કરતા સંબંધોથી જ વ્યક્તિનું સાર્વત્રિકરણ અને સામાજિકરણ થાય છે.*

*સગાઓ નસીબની દેન છે, વહાલાઓ પ્રયત્નની ઉપજ છે. ક્યારે કોઈ વ્યક્તિ સારા કે માઠા પ્રસંગમાં એકલી હોય તે દયાજનક છે. સારા પ્રસંગોમાં વ્યક્તિની આજુબાજુ માનવીઓનો મેળાવડો હોય તો તેના સુખમાં વધારો થાય છે અને દુઃખની સ્થિતિમાં હોય ત્યારે વધુ સંબંધોથી તેને હૂંફ મળે છે, સાંત્વન મળે છે. ઓગસ્ટ માસમાં મિત્ર-દિવસ આવે છે. મિત્ર વધતા ગયા અને 'મૈત્રી' નામશેષ થતી ગઈ. સંબંધો તો 'જતું કરવાની' અને 'માફ કરવાની' ટેવથી મજબૂત રહેતા હોય છે. પરંતુ વંર્તમાન સમયના લોકોની માનસિક્તા જોતા આ ભાવના માત્ર પુસ્તકોમાં જ રહી ગઈ છે અથવા તો શબ્દોના સ્વરૂપમાં જોવા મળે છે !*

*એક જૂનો પ્રસંગ યાદ આવે છે. બે વિદ્યાર્થીઓને મળવાનું થતાં બંનેએ બાંધેલા ફ્રેન્ડશિપ બેલ્ટ્સ પર મારી નજર ગઈ. બેમાંથી એકના હાથ પર વધુ બેલ્ટ્સ હતા. બીજા મિત્રના કાંડે એક જ બેલ્ટ. મેં પૂંછ્યું, અરે... આની પાસે ઘણાં બધા મિત્રો છે અને તારે એક જ ! એણે જવાબ આપ્યો, તમે જે જોયું એવું નથી. આ મિત્રના હાથમાં તો એકપણ ફ્રેન્ડશિપ બેલ્ટ નહોતો. મેં જ મારા બેલ્ટ્સ એને પહેરાવી દીધા અને કહ્યું, હવે આમાંથી એક તું મને પહેરાવ !!*

*મારા મિત્રો હવે એના પણ મિત્રો. બાલીશ જવાબ ગમ્યો. મારા બીજા મિત્રો પણ હવે મારા આ નવા મિત્રોના મિત્રો બની જાય એ ભાવના મે ગમી હતી. પરંતુ આ નિખાલસપણું, આ નિર્દોષતા ખબર નહીં ઉંમર વધતા, શિક્ષણ વધતા, જ્ઞાન વધતા વધવી જોઈએ. પરંતુ જતી જ રહે છે એ મોટી કરૂણા સંબંધોમાં જોવા મળે છે. 'જો તેરા હે વો મેરા હૈ' જેવું મિત્રતામાં શેરિંગ હોય તો આવો જ ભાવ સફરિંગમાં પણ હોવો જોઈએ. કોઈપણ સંબંધને યોગ્ય સમયે સોરી, થેક્સ, હેપ્પી બર્થ ડે, મીસ યુ, ગુડ સપોર્ટ, ગુડ લક, વેરી નાઈસ-ગો અહેડ, ટેક કેર, બી હેપ્પી આ બધું જ યોગ્ય સમયે કહેવાવું જોઈએ. દૂરની વ્યક્તિ નાનું કાર્ય કરે તો પણ તેનો ત્વરિત આભાર માનીએ.સંબંધો જ્યાં દિલના હોય ત્યાં દલીલ નથી હોતી. સંબંધની ગાંઠ જેટલી વધુ મજબૂત તેટલું જીવનબળ દૃઢ. સંબંધોને ટકાવવા હંમેશા જીવનપર્યંત સ્નેહ, હૂંફ અને મીઠા શબ્દોભર્યા સ્વભાવનું સતત ચિંતન કર્યા કરવું જોઈએ. જીવનના પ્રત્યેક પગલે આપણે સંબંધોને મજબૂતાઈ બક્ષવા માટે તન અને મનથી પ્રયત્ન કરવો પડશે. પૈસો જ સંબંધને ટકાવવામાં મદદ કરે છે એમ માનવું ભૂલ ભરેલું છે. પૈસાનું જેટલું જીવનમાં મહત્વ છે તેના કરતા લાખગણું મહત્વ સૌહાર્દપૂર્ણ વલણનું છે.*

નકામા
ટી.આર.એસ. સર્કલ,
મૈસુરના રોડ પર ઘટના બની.
એક બાઈક,
એક પ્લેઝર,
અકસ્માત ચોઘડિયે ભટકાઈ ગયા.
અન્ના પર પ્લેઝર પડયું.
બીજા લોકોએ ફટાફટ પોતાના વાહનો પાર્ક કર્યા.
અકસ્માત કરનાર પણ,
ભાગવાના બદલે,
વાહન ઉભું રાખ્યું.
પડેલું પ્લેઝર ઉભું કર્યું!!
અન્નાને પ્લેઝરમાંથી બહાર કાઢયો!!
"વાગ્યું નથી ને "એમ પૂછયું.
અન્નાને ખાસ વાગ્યું ન હતું.!!
સૌ વીખરાયા .
સાલ્લા નકામા કહેવાય.
કોઈએ વીડીયો ન ઉતાર્યો.
રસ્તે ઉભા ઉભા તાલ ન જોયો.
કિનારે ઉભા રહી ખેલ ન જોયો!!!
અજબ છે લોકો!!
ભરત વૈષ્ણવ
૧૪.૧૧.૨૦૨૨.

# મૂનલાઇટીંગ શું કાગળનો વાઘ છે?

ચંદ્ર આપણા જીવનમાં ગુંચળા વળેલી દોરીની જેમ વણાઇ ગયો છે. ચંદ્રને નિહાળીને કવિના મનમાં ઉર્મિ ઉદધિ ઉછળવા માંડે છે!! કવિ પ્રેમિકા, માશુકા પર રોમેન્ટિક કવિતા કીડીની લંગાર જેમ લખવા માંડે છે. ભૂખ્યાજનોને ચંદ્ર રોટલી કે પરોઠા ( પરોઠા કાઢી નાંખજો . તેના પર અઢાર ટકા જીએસટી લાગે છે. પરોઠાની કલ્પના કરીએ તો પણ જીએસટીનો સ્લેબ બદલાતો નથી. પાર્ટી બદલે તો નેતા પર કેટલો જીએસટી લાગે તેના પર કોઇ ફોડ પાડતું નથી!!) લાગે છે.ચંદ્રને અંગ્રેજોમાં મૂન-ર્સ્હ કહે છે. ચાંદનીને મૂનલાઈટ કહે છે!!

પુનમને દિવસે ચંદ્ર સંપૂર્ણ કળાએ ખીલે છે. માનો કે નવોઢાએ સોળ શણગાર કર્યો ન હોય!! પૂર્ણિમાના ચંદ્રને ફૂલમૂન કહે છે. પૂર્ણિમાને દિવસે દરિયામાં મોટી ભરતી હોય છે!! આખી દુનિયા પૂનમની ચાંદનીની શીતળતાનો આસ્વાદ લે છે. કવિ કાંતે મહુવાના દરિયા પર ચંદ્રોદય નિહાળ્યા પછી "આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો " જેવું યુનિક અને ઓલટાઈમ હીટ ખંડકાવ્યનું સર્જન કરી ગુજરાતી સાહિત્ય માટે માઈલ સ્ટોન બનાવ્યો હતો. પૂનમની ચાંદની આબાલ વૃધ્ધને પ્રસન્ન કરે છે. અપિતું, માનસિક માંદગી ધરાવતા માણસોના મનમાં ઉન્માદ ઉત્પન્ન થવાનું કારણ બને છે!!

રામાયણની કથા મુજબ ભગવાન રામે બાલ્યાવસ્થામાં ચંદ્રને પકડવાની બાળહઠ કરેલી. તે સમયે માતા કૌશલ્યાએ થાળીમાં પાણી ભરી તેમાં ચંદ્રનું પર્તિબિંબ દેખાડી ભગવાન રામની હઠ પૂરી કરેલી!!આમ, તો ચંદ્ર એક હાથ છૂટો હોય છે!ચાંદને પકડવા માટે હાથ હલાવવાનો પરિશ્રમ કરવો પડે છે. ક્યારેક બનતી ઘટના માટે અંગ્રેજીમાં " વન્સ અ બ્લુ મૂન" નામનો રૂઢિપ્રયોગ કરવામાં આવે છે!!

હિન્દી સિનેમાનું એક ગીત છે.'સુહાની ચાંદની રાતે હમે સોને નહીં દેતી' આ ગીત મોનાલીસા જેવું રહસ્યમય છે. આ ગીતમાં ચાંદનીનો કયા સંદર્ભે ઉલ્લેખ છે તે કોયડો છે. ચાંદની એટલે ચંદ્રની ચાંદની, ચાંદની એટલે ઘરવાળી કે ચાંદની એટલે વોહ!! પાછું હમે સોને નહીં દેતી એવું કહે છે. હમે એટલે પ્રથમ પુરૂષ માનાર્થે બહુવચન છે?? હમે એટલે પતિ-પત્નીની વાત છે? હમે એટલે પતિ-પ્રેમિકા કે પત્ની-પ્રેમની વાત છે?? સિનેમાવાળા રહસ્યને ધૂંટયા કરે છે!!

એક બીજા ગીતમાં સરસ્વતીચંદ્ર તેની સૂચિત પત્નીને ઉદેશીને ગીત ગાય છે.' ચંદન સા બદન, ચંચલ શિતવન, ધીરેસે તેરા યે મુસ્કાના,મુજે દોષ ન દેના જગવાલો, હો જાઉં મેં દિવાના!!" અહીં સરસ્વતીચંદ્ર પાણી પહેલાં પાળ બાંધે છે. તે પ્રતિચાર પહેલા સર્જે છે, ઉદીપક પછી નક્કી કરે છે!! નાયિકાનું બદન ચંદન જેવું કહે છે.

એટલે કે પદ્મિનીની જેમ તેના બદનમાંથી પરિમલ, સોડમ, સૌરભ, સુગંધ પ્રસરે છે!! તે મંદ મંદ મુસ્કાઇ રહી છે. (એને મૂંછમાં મલકાઇ રહી છે તેમ કહેવાય ?? કેમ કે, મહિલાને મૂંછ હોતી નથી. અલબત, અપવાદ હોઇ શકે!!એમ તો આપણે ત્યાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર ગિજુભાઇ બધેકાને મૂંછાળી તરીકે પ્રખ્યાત છે.) ભાઇ રૂપાળી રમણીઓ નજાકતથી મંદમંદ સ્મિત કરે એમાં જ એમનું આભિજાત્ય છે!! તાડકા કે શૂર્પણખાની જેમ અટ્ટહાસ્ય કરે તેમાં નારીત્વનું ગૌરવ કયાં છે??

આપણે ત્યાં આજકાલ મૂનલાઇટિંગ ચર્ચાની ચગડોળે છે. કંપનીઓના સતાધિકારીઓ મૂનલાઇટિંગની વિરૂધ્ધમાં છે. કંપનીઓ માટે મૂનલાઇટિંગ એટલે ચાંદની નથી.કંપનીઓ એક કરતાં વધુ જગ્યાએ નોકરી કરતા કર્મચારીથી ત્રસ્ત છે!!

કોરોનાકાળમાં વર્ક ફ્રોમ હોમ પેટર્નમાં કર્મચારીઓએ આજની આ મોંઘવારીની વિષમ પરિસ્થિતિને પહોંચી વળવા માટે એક સાથે બે કંપનીઓમાં કામ કરવાનું શરૂ કર્યું હતુ. ખાસ કરીને આઈટી સેક્ટરમાં કર્મચારીવર્ગે બહારથી મળતા કામ, ફ્રીલાન્સિંગ કામને અપનાવી બંને સંસ્થાઓને યોગ્ય ન્યાય આપવાનો મહત્તમ પ્રયાસ કર્યો છે પરંતુ અમુક સમયે કર્મચારીઓની કામ કરવાની પેટર્ન અને એક કંપનીને લગતી અંગત બાબતો અન્ય કંપની સુધી પહોંચતા કંપનીઓ સફાળે જાગી અને આ 'Moon Lighting'નો વિવાદ ઉભા થયો છે.

મૂનલાઈટિંગ એટલેકે સાઈડ જોબની આ નવી પ્રણાલીએ ભારતના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સેક્ટરની ઉંઘ ખરામ કરી છે. વિપ્રોએ આ મૂનલાઈટિંગના પરિપ્રેશ્યને ઉઘાડો પાડી અનેક કર્મચારીઓને છૂટા કર્યા છે. વિપ્રોની રાહે અનેક આઈટી કંપનીઓએ આ પ્રકારના બે સંસ્થાઓ માટે કામ કરતા કર્મચારીઓની હકાલપટ્ટી કરી છે. સામે પક્ષે કર્મચારી જૂથો દ્વારા ડબલ મહેનત કરીને કમાણી બમણી કરવાની પોતાની વાત પર પણ અડગ રહી કંપનીઓની કડકાઈઓનો વિરોધ કર્યો છે.

એમને ડર છે કે એમના ટ્રેડ સિક્રેટ, બૌધ્ધિક સંપદા, કોમર્શિયલ માહિતી હરીફ કંપની પાસે પહોંચી જશે. જે ધંધાની લાઈફલાઈન પર વિપરીત અસર પહોંચાડશે.એટલે ભગવાન હનુમાનજી લંકામાં નહીં પણ કિષ્કિંધા કે અયોધ્યામાં આગ લગાડશે.

જાણીતી કંપનીઓ આ કારણસર કર્મચારીઓને નોકરીમાંથી રવાના કરી રહી છે. કંપનીનો ડર સાચો છે કે ખોટો એ ભવિષ્યમાં ખબર પડશે!!

આ કંપનીઓ ખાલીપીલી મૂનલાઈટીંગથી ડરે છે. અલબત, ડરના જરૂરી હૈ! આપણે ત્યાં મૂનલાઇટીંગ વરસોથી અસ્તિત્વમાં છે. પેઢીઓમાં નામું લખતા મુનીમ, મહેતા, હિસાબનીશ એકથી વધુ પેઢીમાં નામું લખતા હતા.કોઇ પેઢી સાથે ગદારી કરી ન હતી કે છેતરપિંડી કરી ન હતી.

શિક્ષકો નોકરી ઉપરાંત ટયુશન કરતા હતા. જે મૂનલાઇટીંગનું બહેતરીન ઉદાહરણ છે.

ઘરોમાં કચરાપોતા કરતા ઘરઘાટી કે બહેનો એકકરતા વધુ ઘરોમાં કામ કરે છે. જે મુનલાઇટીંગ નથી તો શું છે?

મૂવલાઈટીંગ એ ચાના કપમાંનું તોફાન છે. રજનું ગજ છે.વાસ્તવમાં,મૂનલાઈટીંગ એ કાગળનો વાઘ છે

ભરત વૈષ્ણવ
૧૪.૧૧.૨૦૨૨.

## આર્મી ચીફ જનરલ મનોજ પાંડે ફ્રાન્સ પ્રવાસ પર રવાના

# ભારત-ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ સહયોગ વધારવા સહિત અનેક મુદ્દાઓ ઉપર ચર્ચા થશે

નવીદિલ્હી,તા.૧૪

આર્મી ચીફ જનરલ મનોજ પાંડે સોમવારથી ચાર દિવસ માટે ફ્રાંસના પ્રવાસે છે. તેઓ ૧૪ થી ૧૭ નવેમ્બર દરમિયાન ફ્રાન્સની મુલાકાત લેશે. તેઓ ફ્રાન્સની તેમની ચાર દિવસીય મુલાકાત દરમિયાન આર્મી ચીફ ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ સહયોગ વધારવાના ઉદ્દેશ્ય સાથે તેમના સમકક્ષો અને વરિષ્ઠ ફ્રેન્ચ લશ્કરી નેતૃત્વને મળશે.

મુલાકાત દરમિયાન આર્મી ચીફ ન્યુવે ચેપલ ઇન્ડિયન મેમોરિયલ પર પુષ્પાંજલિ અર્પણ કરશે, જે પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન ૪૭૪૨ ભારતીય સૈનિકોના બલિદાનની યાદમાં છે.



આ સિવાય આર્મી ચીફ મનોજ પાંડે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, ચીફ ઓફ આર્મી સ્ટાફ અને કમાન્ડર કમાન્ડમેન્ટ ડેસ ફોર્સીસ ટેરેસ્ટ્રેસ (સીએફટી) / લેન્ડ કોમ્બેટ ફોર્સીસના કમાન્ડને પણ મળવાના છે. આ દરમિયાન તેઓ ભારત-ફ્રાન્સના સંરક્ષણ સંબંધોને વધારવાના માર્ગો પર ચર્ચા કરશે.

આર્મી ચીફ મનોજ પાંડેની ફ્રાન્સની મુલાકાત બંને સેનાઓ વચ્ચે વિશ્વાસ અને સમજણના બંધનને વધુ મજબૂત કરશે. તાજેતરમાં ભારત-ફ્રાન્સની વાયુસેનાએ યુદ્ધ અભ્યાસ હાથ ધર્યો હતો, જ્યાં બંને દેશોની વાયુસેનાએ પરસ્પર સંવાદિતા સાથે યુદ્ધની વિગતો શેર કરી હતી. હવે આર્મી ચીફની ફ્રાન્સની મુલાકાત બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે.

ચીન સાથેની સરહદ પર ૩૦ મહિનાથી વધુ સમયથી મડાગાંઠ વચ્ચે, આર્મી ચીફ જનરલ પાંડેએ શનિવારે કહ્યું કે પૂર્વી લદ્દાખમાં સ્થિતિ સ્થિર છે, પરંતુ અણધારી છે. એક 'થિંક ટેક્ર'ને સંબોધતા જનરલ પાંડેએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચેની સૈન્ય વાટાઘાટોના આગામી રાઉન્ડમાં વિવાદના બાકી રહેલા ૨ મુદ્દાઓ સાથે સંબંધિત મુદ્દાઓને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે તેમણે ડેમચોક અને ડેપસાંગનો ઉલ્લેખ કરતા આ કહ્યું હતું. સેના પ્રમુખે કહ્યું કે વિવાદના ૭ મુદ્દાઓમાંથી ૫ મુદ્દાઓ પર વાતચીત દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો છે.

તેમણે એમ પણ કહ્યું કે આ પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીની સૈનિકોની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી, પરંતુ શિયાળાની શરૂઆત સાથે, કેટલાક પીએલએ બ્રિગેડ પાછા ફરવાના સંકેતો છે. અમે વાટાઘાટોના ૧૭મા રાઉન્ડની તારીખ પર વિચાર કરી રહ્યા છીએ. જનરલ પાંડેએ એમ પણ કહ્યું કે અમારા હિતોના રક્ષણ માટે વાસ્તવિક નિયંત્રણ રેખા પર અમારી ક્રિયાઓને ખૂબ જ કાળજીપૂર્વક સમાયોજિત કરવાની જરૂર છે.

### તુર્કીના ઈસ્તાંબુલમાં વિસ્ફોટ થતા ૧૦ના મોત અને ૫૩ ઘાયલ, આતંકી હુમલો છે : રાષ્ટ્રપતિ

ઈસ્તાંબુલ,તા.૧૪

તુર્કીના ઈસ્તાંબુલ શહેરમાં આજે વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટ ઈસ્તાંબુલ શહેરના વ્યસ્ત વિસ્તારના રસ્તા પર થયો છે. મળતી માહિતી અનુસાર આ વિસ્ફોટમાં ૧૦ લોકોના મોત અને ૩૮ લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટની જાણ થતા શહેર પોલીસ ઘટના સ્થળે પહોંચી થઈ હતી. ઘટના સ્થળ પર વિસ્ફોટ બાદ રાહત અને બચાવનું કામ શરુ કરી દેવામાં આવ્યુ હતુ. ઘાયલોને તરત જ નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. એક અધિકારીના જણાવ્યા અનુસાર ઈસ્તાંબુલના મુખ્ય રસ્તા ઈસ્તિકલાલ એવન્યૂ પર આ રવિવારે થયેલા વિસ્ફોટમાં ઘણા લોકો ઘાયલ થયા અને મુત્યુ પણ પામ્યા છે.તુર્કીના રાષ્ટ્રપતિ એ આ વિસ્ફોટને આતંકી હુમલો ઘણાવ્યો છે. તેમણે જણાવ્યુ કે આ ઘટનામાં ૬ લોકોના મોત અને ૫૩ લોકો ઘાયલ થયા છે.

# ઈડબ્લ્યુએસ ક્વોટા પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ વધી શકે છે કેન્દ્ર સરકારની મુશ્કેલી

## સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ઘણા રાજ્યોએ અનામત વધારવા માંગ

નવીદિલ્હી,તા.૧૪

આર્થિક રીતે પછાત વર્ગો (ઇડબ્લ્યુએસ) માટે ૧૦ ટકા અનામત જાળવી રાખવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કેન્દ્ર સરકારની મુશ્કેલીઓ વધી શકે છે. ૫૦% આરક્ષણ સુધીની અનામતની ટોચમર્યાદાનું ઉલ્લંઘન કરીને બનાવેલા કાયદાને માન્ય કર્યા પછી, હવે ઘણી રાજ્ય સરકારો આરક્ષણ મર્યાદા વધારવા માટે કેન્દ્રનો સંપર્ક કરી શકે છે.

આવી સ્થિતિમાં, કેન્દ્ર સરકાર માટે રાજ્યોની ભલામણો અથવા વિનંતીઓને સ્વીકારવી અથવા નકારી કાઢવી મુશ્કેલ બની શકે છે. સુપ્રીમ કોર્ટના તાજેતરના બહુમતી નિર્ણયને ક્વોટા મર્યાદાના વિસ્તરણ તરીકે વ્યાપકપણે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે, જે અત્યાર સુધી ઉલ્લંઘનકારી માનવામાં આવતું ન હતું. ચુકાદાને કાળજીપૂર્વક વાંચવાથી જાણવા મળે છે કે તેણે SC/ST/OBC માટે ૫૦% ક્વોટાની મર્યાદા મર્યાદિત કરી છે, જ્યારે EWSને તેના કાર્યક્ષેત્રની બહાર ગણાવવામાં આવી છે.

જો કે, ઐતિહાસિક ઈન્દિરા સાહની કેસમાં સુપ્રીમ કોર્ટના




વિવિધ આદેશોની ચર્ચા કરતી વખતે, કોર્ટે ૫૦ ટકા અનામતની મર્યાદાને અટલ ન કરી શકાય તેવી ગણાવી છે, જ્યાં ન્યાયાધીશોએ વ્યક્તિગત રીતે દલીલ કરી હતી કે ×અસાધારણ સંજોગો' મર્યાદામાં ૫૦ ટકા અનામતનું ઉલ્લંઘન થઈ શકે છે. EWS ક્વોટા પર સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી, એવી ધારણા છે કે અનામતની ઉપલી ૫૦% મર્યાદાને ઓળંગી શકાય છે. આરક્ષણ બાબતોમાં નિષ્ણાત વકીલ શશાંક રત્નુ, જેમણે ઈઉજી કેસની દલીલ પણ કરી હતી, તેમણે મીડિયાને જણાવ્યું, '૫૦% ઉપલી મર્યાદાના ભંગને અસાધારણ સંજોગોમાં બંધારણીય સુધારા દ્વારા કાયદેસર કરી શકાય છે.

જો રાજ્ય સરકારો પણ તેમના ક્વોટા કાયદાઓને કાનૂની માન્યતા આપવા માટે બંધારણીય સુધારા માટે કેન્દ્ર સરકારને અરજીઓ મોકલવાનું શરૂ કરે છે, તો કેન્દ્રને રાજકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે કારણ કે રાજ્યોની અરજીઓ સ્વીકારવી સરળ રહેશે નહીં કારણ કે ઘણી રાજ્ય સરકારો નોકરીઓ અને શિક્ષણમાં ક્વોટા અભૂતપૂર્વ સ્તરે લઈ શકે છે. આનાથી અનારક્ષિત શ્રેણી માટેની તક ઘટી શકે છે.

આ એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે EWS પર સુપ્રીમ કોર્ટના ચુકાદાના એક અઠવાડિયાની અંદર, ઘણા રાજ્યોએ સ્થાનિક ક્વોટા વધારવા માટે ઝડપી પગલાં લીધાં છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ કેન્દ્ર પાસે ૫૦% અનામતની મર્યાદા દૂર કરવાની માંગ કરી છે, જ્યારે ઝારખંડે SC/ST/OBC માટે કુલ અનામત મર્યાદા વધારીને ૭૭% કરી છે.

બિહારમાં શાસક સાત-પક્ષીય મહાગઠબંધનના બે ઘટકોએ મુખ્ય પ્રધાન નીતિશ કુમારને ૨૩ નવેમ્બરથી શરૂ થતા વિધાનસભાના શિયાળુ સત્રમાં એક કાયદો લાવવા વિનંતી કરી, જેથી અનામતની કુલ મર્યાદા વર્તમાન ૫૦% થી વધારીને ૭૭% સુધી વધારી શકાય છે.

રાજસ્થાનમાં પણ એવી જ માંગ ઉઠી છે કે OBC ક્વોટા ૨૧% થી વધારીને ૨૭% કરવામાં આવે. ગુર્જર અને મરાઠા સમુદાયને અનામત આપવા માટે રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં કાનૂની લડાઈ ચાલી રહી છે.

તમને જણાવી દઈએ કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા જાન્યુઆરી ૨૦૧૯માં મોદી સરકારે બંધારણીય સુધારા દ્વારા EWS ક્વોટા લાગુ કર્યો હતો.

આ પછી ઘણા રાજ્યોએ અનામત મર્યાદા વધારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ન્યાયિક મંજૂરી મળી શકી ન હતી.

## ઝારખંડે પણ જૂની પેન્શન યોજના પાછી ખેંચવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી, તા.૧૪

મતદારો માટે ફ્રીબીઝના મુદ્દે રાજકીય ખેંચતાણ વચ્ચે સુપ્રીમ કોર્ટે આ અરજીને મોટી બેંચને મોકલવાનો નિર્ણય કર્યો છે. આ બાબતે નીતિ આયોગના પૂર્વ ઉપાધ્યક્ષ અરવિંદ પનગઢિયાએ જણાવ્યું હતું કે, ચૂંટણી વચનો ન્યાયી રમત છે અને વન ટાઈમ શોપ છે. તે આગામી સરકાર માટે લાંબી સફળતાની બાંયધરી આપતું નથી.

ચૂંટણી વચનો પર અરવિંદ પનગઢિયાએ કહ્યું કે, મારો મત એ છે કે, લોકશાહીમાં વચનો આપવામાં આવે છે તે હકીકતને જોતાં હું લોકતંત્રમાં વચનો આપવામાં આવે છે તેને હું ફ્રીબીઝ નહીં વચનો કહું છું.

તે વચનોની પ્રકૃતિ ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ઠીક શું છે. ઉદાહરણ માટે? જો તે એક વખતનું છે, જો ભવિષ્યની સરકાર પર વધુ બોઝ ન નાખે તો મને લાગે છે કે તે યોગ્ય રમત છે.

જોકે, અરવિંદ પનગઢિયાએ કહ્યું હતું કે, મફત વચનોથી સરકાર માટે લાંબા ગાળાની જવાબદારી ન બનાવવી જોઈએ. આવી જવાબદારીઓ ઊભી કરવી એ પાપ છે કારણ કે, જો તમે ચૂંટણી જીતો છો તો તે ફક્ત તમને જ લાગુ પડતી નથી પરંતુ તે ભવિષ્યની સરકારોને પણ લાગુ પડશે. તેમણે ઓપીએસને પુનઃજીવિત કરવાના ચૂંટણી વચનોનો હવાલો આપ્યો જેને ૨૦૦૩માં તત્કાલીન ʠʠʠ સરકાર દ્વારા રદ કરવામાં આવી હતી.

કોંગ્રેસે ગયા અઠવાડિયે ઓલ્ડ પેન્શન સ્કીમને હિમાચલ પ્રદેશની ચૂંટણી પહેલા તેના મુખ્ય વચનોમાંના એક તરીકે ઉભી કરી હતી જ્યારે આમ આદમી પાર્ટીએ આવતા મહિને ગુજરાતની ચૂંટણી પહેલા સમાન લાભો ઓફર કર્યા હતા. કોંગ્રેસ શાસિત બે રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢ પહેલાથી જ ઓપીએસ લાગુ કરવાનો નિર્ણય કરી ચુક્યા છે જ્યારે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે પણ આ પગલું ભર્યું છે. ઝારખંડે પણ જૂની પેન્શન યોજના પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે.

નીતિ આયોગના પૂર્વ અધ્યક્ષ અરવિંદ પનગઢિયાએ જણાવ્યું હતુ કે, રાજ્યો જૂની પેન્શન યોજનાનો નાણાકીય બોજ ઉઠાવી શકશે નહીં. રાજકીય પક્ષોએ ʺજીનું વચન આપવાથી દૂર રહેવું જોઈએ કે કેમ તે અંગે પૂછવામાં આવતા અરવિંદ પનગઢિયાએ કહ્યું કે, ચોક્કસ. જે પાર્ટીઓ આમ કરવા ઈચ્છે છે તેમના માટે આ ખૂબ જ આકર્ષક છે. સૌથી પહેલા જે થશે તે ૨૦૩૪માં થશે. મને લાગે છે કે સેવા નિવૃત્ત થવામાં ૩૦ વર્ષનો સમય લાગે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS. NO. 0097
વિષયઃ વીરતા પરમો ધર્મ
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ સિક્કા ની બીજી બાજુ
(વિચાર બીજ સત્ય ઘટના આધારીત)

સર્જનહારે સ્ત્રી પુરુષનું સર્જન કર્યું. લાગણી, પ્રેમ, ભાવુકતા, નજાકતા જેવા કોમળ ગુણો સ્ત્રીમાં આરોપ્યા.

તો બહાદુરી, નિડરતા અને હિંમત જેવા ગુણોથી પુરુષને નિખાર્યો. આપણે જોઈશું તો એક ત્યક્તા,તરછોડાયેલ કે વિધવા સ્ત્રી પોતાના આસુંઓના સહારે સમાજમાં દરેકરીતનો સહારો અને સહાનુભૂતિ મેળવશે. કવિઓ,લેખકો ખ્યાતનામ લેખકો કે નવા ઉભરતા લેખકો તથા વક્તાઓ પોતાની કલમ અને વક્તવ્ય દ્વારા

આવી સ્ત્રી ઓ પર સહાનુભૂતિ નો વરસાદ વરસાવશે.

પણ આવી ખ્યાતનામ કે નવોદિત કલમ અને વક્તાઓ ક્યારેય સામાજીક સિક્કા ની બીજી બાજુ ઝાંકવા પ્રયત્ન કરે છે ખરા?

આજની ઘણી સ્ત્રીઓ સ્વતંત્રતા અને સમાનતાના ના નામે સ્વચ્છંદી અને દિશા વિહીન બની રહી છે. દિશા સૂઝ ન હોવાથી પતિ અને ફુલ જેવા નાના ભુલકાઓને ત્યજીને કાયદાના સહારે અઢળક નાણાં લઈને એશ કરતી હોય છે. ત્યારે આ પતિ અને પિતા,પોતાની વ્યથા દિલમાં ઢબૂરીને હિંમતથી બાળકોનો ઉછેર જ નહીં પણ

પોતાના સર્વસ્વ ના ભોગે નાની મોટી જરુરીયાતોનો ખ્યાલ કરીને ઋજુતાથી બાળકોનો ઉછેર પણ કરેછે.વળી સગા,

સંબંધી, હિતેચ્છુ ઓને""જ ક્ક્ર્ક્ર્િક ક્ષૈકી'' કહીને સહાનુભૂતિ ના પ્રવાહમાં તણાયા વગર બીચારા બાપડા થયા વગર ગૌરવ પૂર્ણ જીંદગી જીવનાર પુરુષ પણ એક વીર પુરુષ અને સન્માન ના અધિકારી છે.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની

---

NOG SS NO - 0050
વિષય - વીરતા પરમો ધર્મ
પ્રકાર - પદ્ય મૌલિક
શીષૅક - નારી મહાન
તા - ૧૪/૧૧/૨૦૨૨.
.......................................

દુનિયા ઝૂકે છે સદાય ..!
એક સ્ત્રી જેને કહીએ..!
સ્ત્રીની વેદના હોય છે અકળ..!
પણ લાખો મેદની હારે એનાં થકી..!
ને એકલી જીતે દુનિયા...!
હે માં તારો પડછાયો બન્યો
જગનો આશરો...!
તારા શબ્દો જ માત્ર એક આભૂષણ જેવાં...!
નારીનું અનમોલ આભૂષણ એનાં ચારિત્રને શોભાવે..!
પેલું આભૂષણ મા નું શ્રેષ્ઠ ..! જે લાજ શરમને સંકોચમાં..!
બની મમતાને કરુણાની પોખથી સૌને..!
રહી મારામાં ચપળતા એનાં વિના મારી કિંમત જ નહીં...!
નારી નું અસ્તિત્વ જ અધૂરું..!
પણ ભરપૂર રાખજો પુસ્તકનું જ્ઞાન ..!
દેજો સૌને જ્ઞાન..!
પોતાના પર વિશ્વાસ રાખજો..!
સુખની સાથે દુઃખની છાયા લહેરાઈ,
પણ ઝલકનો દેખાડે કદી..!
એ એની વીરતા..!

રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.

---

NOG SS No: 001
પ્રકાર : ગદ્ય
વિષય : વીરતા પરમો ધર્મ.
શિર્ષક : વીરતા પરમો ધર્મ એટલે શું ?

સૌથી મોટું દાન કે ધર્મ કયો કોઈ એ વિચાર્યું છે .લગભગ ૮૦ ટકા પ્રજા ને આ બાબતે ખ્યાલ નથી ..'''' પ્રાણ દાન ''''દેશ પ્રજા ના રક્ષણ માટે દુશમનો સામે લડતા લડતા પોતાના મહામુલા પ્રાણ ન્યોછાવર કરી શહાદત વીર ગતિ પ્રાપ્ત કરવી તે સૌથી મોટું સૌથી મોટું દાન- ધર્મ છે .પ્રજા અને દેશ માટે નું સમર્પણ છે જે બધાના ભાગ્ય માં લખાયું હોતું નથી અને માનવી માટે ખુબજ અઘરું અને અડગ મનોબળ ધરાવતાનું આ સમર્પણ છે.

પ્રજા અને દેશ સુરક્ષિત રહે અને પ્રજા નિર્ભય રીતે પોતાનું જીવન સામાજિક અને ધાર્મિક પ્રસંગોનો આનંદ લઈ શકે કારણકે દેશના સીમાડા ઉપર લશ્કર ના સૈનિકો પોતાના પરિવાર થી દૂર અતિ વિષમ પરિસ્થિતિ જેવી કે રાજસ્થાન કે કચ્છ ના અતિ ધોમ ધખતા રણમાં ૫૦ થી ૫૨ ડિગ્રી તાપમાન કે સિયાચીન યુદ્ધ ક્ષેત્ર ની -૬૦ થી -૭૦ ડિગ્રી તાપમાન માં ખડે પગે ફરજ બજાવી રહ્યા છે અને વખત આવે તો પોતાના મહામુલા પ્રાણ પોતાના પરિવારનો વિચાર કર્યા વગર ન્યોછાવર કરે છે .

પૂજ્ય સ્વામી સચ્ચનંદજી એ 'વીરતા પરમો ધર્મ 'નામે એક પુસ્તક વર્ષ ૨૦૧૯ માં પ્રકાશિત કર્યું . આ પુસ્તકના અમુક મહત્વના અંશો અહીં લખવાનું મન થયું .

બધા વીર પુરુષોની બહાદુરીનો વધુમાં વધુ પ્રચાર થવો જોઈએ જેથી નવી પેઢીને બહાદુર થવાની પ્રેરણા મળે. લોકો પોતાના બાળકોને સેના તરફ વાળે તો જ દેશ સુરક્ષિત રહી શકે. દુર્ભાગ્ય વશ સાધુ 'દીક્ષા' તરફ ઘણા યુવાનો વળી જતા દેખાય છે. કારણકે તેમને તેવી પ્રેરણા આપવામાં આવે છે. પણ સેના તરફ વાળવાની પ્રેરણા બહુ ઓછી જોવા મળે છે . આ પુસ્તક કદાચ તેવી પ્રેરણા આપવામાં નિમિત્ત બનશે.

આ પુસ્તક નો હેતુ પરલોક પ્રાપ્તિ કરવાનો નથી , પણ આ લોક ને સફળ બનાવવાનો છે . આપનો આ લોક સફળ, સુરક્ષિત અને સંસ્કારી બને તે માટેના પ્રયત્નો છે .

પ્રભુ ની સાથે વીર દર્શન પણ થાય તે માટે તેમને સામાન્ય રીતે મંદિરો માં થાંભલા ઉપર મુકાતા અપ્સરા કે અન્ય કોતરણીવાળી કલા કારીગીરીની જગ્યાએ તેમના વિસ્તાર કે શહેર કે આજુબાજુ માં રહેતા વીર શહીદો તથા પરમવીર ચક્ર પ્રાપ્ત બહાદુર વીર સૈનિકોના સ્ટેચ્યુ મૂકીને નવો ચીલો ઊંઝા આશ્રમ માં મુકવાની યોજના છે જેથી પ્રજા ને 'પ્રભુ દર્શન' સાથે 'વીર દર્શન' નો લાભ પણ મળે અને તે તેમના સાચા રક્ષક ની વીરતા ને ઓળખી શકે.

અને છેલ્લે જય હિન્દ સાથે :-

आओ झुक कर सलाम करे उनको,
जिनके हिस्से में ये मुकाम आता है,
खुशनसीब होता है वो खून
जो देश के काम आता हैज..!!

આમ વીરતા...........

પરમો ધર્મ એટલે દેશના તમામ લોકોને એ વાતની ખબર હોય કે જેટલી ઈશ્વર કૃપાથી આપણું રક્ષણ થાય છે એવી જ રીતે આપણા દેશના સૈનિકો આપણા દેશનું રક્ષણ કરે છે. એમની વીરતા, બલિદાન, લોકો સુધી પહોંચે અને હવેની પેઢી એ વાતથી માહિતગાર થાય એ જ પરમ ધર્મ છે.

દરેક ક્ષેત્રમાં ઐતિહાસિક ઘટનાઓ પણ એ વાતની સાક્ષી પૂરે છે કે વીરતા જ આપણું અને આપણાં દેશનું રક્ષણ કરે છે. પછી એ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ હોય કે રાણી અહલ્યાબાઈ હોય ! કે પછી સમાજના વિરોધથી પણ ડર્યા વગર શિક્ષણ ક્ષેત્રે વીરતાથી પોતાનું યોગદાન આપનાર સાવિત્રી ફુલે હોય. જ્યાં વીરતા છે ત્યાં જ પરમ ધર્મ છે. માટે જ =વીરતા પરમો ધર્મ છે એમ કહી શકાય.

પ્રદીપ રાવલ .સંચાલક

---

*NOG SS NO-* 0088
વિષય- વીરતા પરમો ધર્મ
પ્રકાર- ગદ્ય
શીર્ષક- લોકશાહી બચાવીએ
નામ- ડૉ. મનીષા વ્યાસ

યુદ્ધ કરે શુદ્ધ ને પાર્થ ને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ! વગેરે જેવાં યુદ્ધ તરફી વાક્યો.. સાહિત્યકારનાં વીરરસથી ભરપૂર લખાણો કે કાવ્યોથી નિપજતાં ને સાવ મૃતઃપ્રાય માનવોમાં પણ દેશદાઝ સાથે ન્યોચ્છાવર થવાનો જુસ્સો પ્રગટી, દુશ્મનનો દાટ વાળવાની ઝંખનાથી કેસરિયા કરી પ્રાણની આહૂતિ અપાતી.

વિશ્વ શાંતિને વરેલા આપણા દેશમાં હાલ આવાં યુદ્ધ નથી થતાં.. છતાં, એક યુદ્ધ આપણે દર પાંચ વર્ષે લડીએ છીએ. એ યુદ્ધ એટલે આપણી લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું. આપણામાંથી જ આપણા એક પ્રતિનિધિને ચૂંટવાનું.. આપણું વ્યક્તિગત છતાં સાર્વત્રિક યુદ્ધ. આપણી લોકશાહીને અજરઅમર રાખવાનું યુદ્ધ.

લોકની વાણી આજ રૂંધાણી; બંધ એ માનવકંઠ :
તારલા ને છે તેજની વાણી; ફુલની વાણી ગંધ;
વહેતાં ગાતાં પાણી : રૂંધાણી માનવવાણી.
- કવિ શ્રી પ્રહલાદ પારેખ

મિત્રો! પણ ઘેરા દુઃખ સાથે પૂછવાનું મન થાય છે કે શું આપણે આપણા વીરોના બલિદાનથી ઊભી કરેલી ને તેમની કલ્પનાની લોકશાહીને જાળવી શક્યા છીએ? ક્યાં જઈ રહ્યાં છીએ? લોકશાહીને ધીમેધીમે પાછી રાજાશાહીમાં તો નથી ફેરવી રહ્યાં ને? ભણી-ગણીને પાછી એ જ ગુલામીની ધોર તો નથી ખોદી રહ્યાં ને? ચારેબાજુ ભ્રષ્ટાચાર, લૂંટફાટ, મારામારી સાથે આપણે મમતા તો નથી કેળવી બેઠાં ને? સતત ઉમેદવાર પસંદગીમાં થાપ તો નથી ખાતાં ને? દરેક પક્ષ લોકશાહી ઢબે જ ઉમેદવારની પસંદગી કરે છે?

નેતા સક્ષમ, નીડર, કર્તવ્યનિષ્ઠ, ભણેલા સાથે લોકહિતની ભાવનાવાળા કેટલા? મોટાભાગે હાલ દરેક પક્ષમાં સરેઆમ ગુંડા, જુઠ્ઠા, લંપટ અભી બોલા અભી ફોકની ભાવનાવાળા, સમાજ કરતાં જે જેલમાં વધુ રહ્યા હોય તેવા નેતાઓની પસંદગી પરાણે.. જેમ હાથણી કળશ ઢોળે એમ પરાણે ઠોકી બેસાડવામાં આવે છે.

મતદાર બુદ્ધિજીવી સાથે જાગૃત પણ છે છતાં તે સતત મૂંઝાય છે.. એને શ્રેષ્ઠ મતદાન કરવું છે પણ કરે તો કરે કોને? જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં ત્યાં જાતિવાદને ગુંડાગર્દી.. જાયે તો જાયે કહાં.. અસહ્ય વ્યથા છે..

એટલે જ આને પણ એક યુદ્ધ જ કહું છું.. આવો તેને સંપીને જીતીએ!

એક ઊંડો શ્વાસ ભરીને, વીરોની વીરગતિને યાદ કરીએ ને આપણાં ભાવિ ભૂલકાં પણ એક અલૌકિક લોકશાહીનાં ભાગીદાર બની રહે તે માટે મતદાન કરીને શ્રેષ્ઠ ઉમેદવાર ચૂંટીએ.. કોઈ પક્ષ કે જાતિવાદને નહીં પણ શ્રેષ્ઠ માનવીય મૂલ્યોને માન આપીએ. હૃદયમાંથી ઉઠેલા અવાજને માન આપી સો ટકા ગુણવત્તા યુક્ત મતદાન કરીએ..

---

NOG SS NO: 126
વિષયઃ વીરતા પરમો ધરમ છે ,
પ્રકાર :પદ્ય
નામઃ મોહનભાઈ 'આનંદ'
==================

વીરતા પરમો ધરમ છે ,
શૌર્યને દિલથી નમન છે ,
જો શહાદત જેણે વ્હોરી,
હોય એ પરમો કરમ છે.
દિલથી કુરબાની દઈને,
વીરતા પરમો ગમન છે
ત્યાગ સેવા સમર્પણમાં,
જિંદગી પરમો વતન છે
દેશ સેવક સત્ય ભાષી,
ભક્તિ એ પરમો અમન છે
વૃત્તિઓનો લય થતો જ્યાં
થાય મન પરમો શમન છે .

# ગૌ માતા વિષે માહિતીપ્રદ પ્રશ્નોતરી

● ભગવાન કૃષ્ણએ કયા પુસ્તકમાં 'ધેનુનામસીમ' , ગાયોમાં હું કામધેનુ છું એવું કહ્યું છે? – શ્રીમદ ભાગવત ગીતા

● કયા મહાપુરુષે કહ્યું હતું કે 'તમે મને મારશો પણ ગાય પર હાથ ન ઉપાડશો'? – બાલ ગંગાધર તિલક

● ગોહત્યા રોકવા રામચંદ્ર 'બીર' કેટલા દિવસ ઉપવાસ કર્યા? – ૭૦ દિવસ

● પંજાબમાં કયા શાસકના રાજ્યમાં ગૌહત્યા માટે મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી? – પંજાબ કેસરી મહારાજ રણજીત સિંહ

● ગાયના ઘી સાથે હવન પર કયા દેશમાં વૈજ્ઞાનિક પ્રયોગ કરવામાં આવ્યો હતો? – રશિયા

● ગોબર ગેસ પ્લાન્ટમાં ગેસ મેળવ્યા પછી કઈ સામગ્રીનો



ઉપયોગ થાય છે? – ખેતી માટે ઓર્ગેનિક (અર્થવોર્મ) ખાતર બનાવવામાં.

● ગૌ યજ્ઞનું ફળ માણસને કેવી રીતે મળે છે? – કતલખાને જતી ગાયના ઉછેરની વ્યવસ્થા કરવા અંગે.

● જ્યારે એક તોલા (૧૦ ગ્રામ) ગાયના ઘી સાથે યજ્ઞ કરવામાં આવે ત્યારે શું બને છે? – એક ટન ઓક્સિજન

● ઈસુ મસીહાનું નિવેદન શું હતું? – ગાયને મારવી એ માણસને મારવા સમાન છે.

● પ્રખ્યાત મુસ્લિમ સંત રસખાન દ્વારા શું ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી? – જો હું પ્રાણી તરીકે જન્મુ , તો હું બાબા નંદની ગાયોમાં જન્મ થાય.

● પં. મદન મોહન માલવીયાની છેલ્લી ઈચ્છા શું હતી? – ભારતીય બંધારણમાં પ્રથમ કલમ સમગ્ર ગૌહત્યાને પ્રતિબંધિત કરવા માટે બનાવવામાં આવે.

● ભગવાન શિવના પ્રિય 'બિલ્વપત્ર'ની ઉત્પત્તિ ક્યાંથી થઈ? – ગાયના છાણમાંથી.

● ગાય કેટલ એક્ટ ૧૯૯૫ શું છે? – ૧૦ વર્ષ સુધીની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ.

● ગાયની કરોડરજ્જુમાં સ્થિત સૂર્યકેતુ નાડીથી શું થાય છે? – તે સર્વશક્તિમાન, સર્વરોગનાસક છે .

● દેશી ગાયના એક ગ્રામ છાણમાં ઓછામાં ઓછા કેટલા બેક્ટેરિયા હોય છે? – ૩૦૦ કરોડ

● ગાયના દૂધમાં કયા ખનિજો જોવા મળે છે? – કેલ્શિયમ ૨૦૦ ટકા, ફોસ્ફરસ ૧૫૦ ટકા, આયર્ન ૨૦ ટકા, સલ્ફર ૫૦ ટકા, પોટેશિયમ ૫૦ ટકા, સોડિયમ ૧૦ ટકા જોવા મળે છે.

● ગૌ સર્વદેવમયી છે અને વેદ સર્વગોમયી છે', આ યુક્તિ કયા પુરાણમાં છે? – સ્કંદ પુરાણ

● વિશ્વની સૌથી મોટી ગૌશાળાનું નામ જણાવો? – પથમેડા, રાજસ્થાન

● ગાયના દૂધમાં કયા વિટામિન હોય છે? – વિટામિન સી ૨ ટકા, વિટામીન છ (I.Q) ૧૭૪ અને વિટામિન ઢ ૫ ટકા.

● ગાયોનું રક્ષણ કરીશું તો ગાય આપણી રક્ષા કરશે,' આ સંદેશ કયા મહાપુરુષનો છે? – પંડિત મદન મોહન માલવીયા .

● 'ગૌ' એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની માતા હોવાને કારણે કામધેનુ છે.

તેની ખરાબ વિચારસરણી હારનું કારણ.

આ કોનો વિચાર હતો? – મહર્ષિ અરવિંદ.

● ભગવાન બાલકૃષ્ણે ગાયો ચરાવવાનું કામ કયા દિવસથી શરૂ કર્યું હતું? – ગોપાષ્ટમી થી.

● શ્રી રામે જંગલમાં જતા પહેલા કયા બ્રાહ્મણને ગાયનું દાન કર્યું હતું? – ત્રિજાત બ્રાહ્મણને.

● કયા મુસ્લિમ કવિની આ ઈચ્છા છે, જો પશુ હાં તો કહાં બસુ મેરો, ચરો ચિત નંદ કી ધેનુ મંઝારન ? – રસખાન

● આ દેહુ આજ્ઞા તુરુક ખાય, ગૌ માતા ક દુખ સદા મે મિટાઉ', આ ઈચ્છા કયા ગુરુએ આપી છે? – ગુરુ ગોવિંદ સિંહજી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

## કોટનમાં ૧૬,૮૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૯૯,૩૦૦ ગાંસડીના સ્તરે

સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૪૭ અને ચાંદીમાં રૂ.૨૭૨ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ બેરલદીઠ રૂ.૫૬ વધ્યુઃ મેન્થા તેલમાં નરમાઈઃ નેચરલ ગેસમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૯૦૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૯૮૫૭ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૭,૩૨૪ સોદાઓમાં કુલ રૂ.૩૧,૭૯૨.૩૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૯૦૬.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૯૮૫૭.૧૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૨૨,૮૯૧ સોદાઓમાં કુલ રૂ.૫,૯૯૮.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૩૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૬૪૧ અને નીચામાં રૂ.૫૨,૩૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૭ વધી રૂ.૫૨,૪૮૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૩ વધી રૂ.૪૧,૭૦૬ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૫,૨૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૨૭૪ના ભાવે ખૂલી, રૂ.૧૩૫ વધી રૂ.૫૨,૪૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૬૧૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૩૬૮ અને નીચામાં રૂ.૬૧,૪૬૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૨ વધી રૂ.૬૧,૮૪૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૪૫ વધી રૂ.૬૨,૦૪૩ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૬૦ વધી રૂ.૬૨,૦૯૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૦,૧૪૧ સોદાઓમાં રૂ.૩,૧૪૩.૫૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૨૧૧.૯૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૫.૫૦ વધી રૂ.૨૭૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૩૫ ઘટી રૂ.૬૯૭.૯૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૫૨૭ સોદાઓમાં કુલ રૂ.૨,૬૯૯.૭૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૧૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૨૬૨ અને નીચામાં રૂ.૭,૧૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૬ વધી રૂ.૭,૧૮૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૦.૭૦ વધી રૂ.૫૦૬.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૯૪ સોદાઓમાં રૂ.૬૫.૧૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૩,૩૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૪૯૦ અને નીચામાં રૂ.૩૨,૭૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૫૦ ઘટી રૂ.૩૨,૭૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૯૫૬.૨૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૯૦.૫૭ કરોડનાં ૪,૫૪૩.૨૫૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૬૦૭.૬૭ કરોડનાં ૫૭૯.૬૧૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૯૭.૬૨ કરોડનાં ૧૬,૬૪,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૦૨ કરોડનાં ૨ ૯ ૮ ૭ ૩ ૭ ૫ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૫ કરોડનાં ૧૬૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૧૫ કરોડનાં ૧૦૫.૧૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૮૬.૦૨૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૪.૧૬૩ ટન, ક્રૂડ તેલમાં ૬૪૨૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૯૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૯૩૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૭.૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૫૨ કરોડનાં ૩૯૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૫૭૦ના સ્તરે ખૂલી, ૪૭ પોઈન્ટ વધી ૧૪,૬૨૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૯,૮૫૭.૧૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૪૬.૦૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૧.૪૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫,૨૧૦.૨૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૧૭૮.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૩૯.૨૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૩ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩.૯૦ અને નીચામાં રૂ.૧૦૫ રહી, અંતે રૂ.૧૬.૧૦ વધી રૂ.૧૧૯.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮.૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૪૦.૮૦ અને નીચામાં રૂ.૨૮.૮૫ રહી, અંતે રૂ.૧૨.૮૦ વધી રૂ.૪૦ થયો હતો.



**(નવીન અભિગમ):-**

કર્ણાવતી મહાનગરમાં સમાવિષ્ટ જમાલપુર-ખાડિયા વિધાનસભા ખાતે રાયપુર ચકલા ચાર રસ્તા વાડીલાલ આઈસ્ક્રીમ પાર્લર પાસે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની આબેહૂબ પ્રતિકૃતિની સાથે અગ્રેસર ગુજરાત અભિયાન અંતર્ગત "સંકલ્પ પત્ર" ના સૂચન માટે બોક્સ મુકવામાં આવ્યું છે, વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે અને પોતાના સૂચન આપી રહ્યા છે.

# અમેરીકાના સધર્ન કેલિફોર્નિયાના લોસ એન્જલસના નોર્વોક ના શ્રી રાધાકૃષ્ણ મંદિર માં ' દેવદીવાળી સંતરામ સત્સંગ ' નિમિત્તે ખાસ પાઠ યોજાઈ ગયો



નોર્વોક , સધર્ન કેલિફોર્નિયાના લોસ એન્જેલસના નોર્વોક સીટી ખાતે આવેલ પ્રસિદ્ધ શ્રી 'રાધાકૃષ્ણ' મંદિરમાં શનિવાર તા. ૧૨ નવેમ્બરના રોજ સાંજના ૫:૦૦ થી ૭:૦૦ દરમિયાન બ્રહ્મલીન અષ્ટમ્ મહંત શ્રી નારાયણદાસ મહારાજશ્રી પ્રેરીત તથા પ્રાતઃ સ્મરણીય પ.પૂ શ્રી રામદાસજી મહારાજશ્રી ના શુભાશિર્વાદ સહ 'દેવદિવાળી સંતરામ પાઠ' અંતરગ્રત બરાબર સાંજના પાંચ પછી સંતરામ ભક્ત સમાજના સૌ કોઈ આવવા લાગ્યા હતા. શરૂઆતમાં રાધાકૃષ્ણ મંદિરના પ. પૂ. શ્રી ભરતભાઈ રાજગોરે સૌને આવકાર આપી ભજન કિર્તનની શરૂઆત કરી હતી. જેમાં શ્રી સંતરામ ચાલીસા, દત્તબાવની તથા બ્રહ્મલીન અષ્ટમ્ મહંતશ્રી નારાયણદાસજી મહારાજશ્રી ના મુખે ગવાયેલ વિષ્ણુસહસ્ત્રનામ પાઠનું સમુહ પઠન કરવામાં આવ્યું હતુ....કિર્તન બાદ બરાબર ૫:૩૦ વાગે નડીઆદના પ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિર થી પ.પૂ શ્રી રામદાસજી એ ટેલિફોનીક માધ્યમ થી હાજર સૌ ને આશિર્વચન પાઠવ્યા હતા. અને જણાવેલ કે ' પરદેશ ની ધરતી પર પણ આ રીતે ' સંતરામ સ્રોતમ્ અને શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ પાઠનું આયોજન થાય છે તે ખૂબજ સારી વાત છે.... આપ સૌને આશિર્વાદ સહ જયમહારાજ' ત્યાર બાદ કેટલાક ભક્તો દ્વારા અન્ય ભજનો પણ ગવાયાં હતાં. આ કાર્યક્રમ માં સારી એવી સંખ્યામાં ઉપસ્થિત સૌ ભક્તો ઉમંગભેર દેવદિવાળી સંતરામ પાઠમાં જોડાયા હતા. અંતમાં રાધાકૃષ્ણ મંદિરની સાથે આરતીમાં સૌ કોઈ ભાવપૂર્વક જોડાયા હતા.આરતી બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું. સૌ કોઈ મહાપ્રસાદમાં 'જય મહારાજ'ના નામોચ્ચાર સાથે જોડાયા હતા.મહાપ્રસાદ બાદ સૌ કૃતાર્થતા અનુભવી વિસરાયા હતા.

( માહિતી :- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર :- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# ચૂંટણી માટે રિવાબા જાડેજાએ ફોર્મ ભર્યુ, પતિ રવિન્દ્ર જાડેજા અને પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી હાજર રહ્યાં હાજર



## રવિન્દ્રસિંહ જાડેજાએ પત્ની રિવાબાના સમર્થન માટે કરી અપીલ

જામનગર,તા.૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોના નામ જાહેર કર્યા જેમાં જામનગર ઉત્તરના ઉમેદવાર અને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબાનું નામ પણ સામેલ છે, જેને લઈને રિવાબાએ આજે ૭૮ વિધાનસભા બેઠક પરથી પ્રાંત કચેરીમાં ઉમેદવારી પત્ર ભર્યુ છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, સાંસદ પૂનમ માડમ, રિવાબાના પતિ રવિન્દ્રસિંહ જાડેજા અને હકુભા જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા. રિવાબાની આ પ્રથમ ચૂંટણી છે. અહીં રિવાબાના નણંદ નયનાબા જાડેજા કોંગ્રેસ માટે પ્રચાર કરી રહ્યા છે. ચૂંટણીમાં નણંદ અને ભાભી સામ-સામે આવી ગયા છે. ઉલ્લેખનિય છે કે, આ બેઠક પરથી હકુભા જાડેજાની ટિકિટ કાપી રિવાબાને ટિકિટ અપાઈ છે. જોકે ટિકિટ કપાયા બાદ હકુભા જાડેજાને નારાજ થયા હતા અને તેમને મનાવવા માટે તેમને જામનગરની ત્રણ બેઠકો જીતવાની જવાબદારી સોંપવામાં આવી હતી. હકુભાને જામનગર ઉત્તર, જામનગર દક્ષિણ અને જામનગર ગ્રામ્ય બેઠકના ઈન્ચાર્જ બનાવાયા છે.તાજેતરમાં જ રિવાબાએ મીડિયા સાથે વાતચીત કર્યો હતો. રિવાબાએ જણાવ્યું હતુ કે, હું બહેન, દીકરી, યુવાનો, ગરીબો સહિત છેવાડાના માનવી સુધી સારી રીતે પહોંચી શકુ અને તેઓની સેવા કરી શકુ તે માટે જ રાજકીય ક્ષેત્રે આવી છું. હું ભાજપના એક જ મંત્ર વિકાસના મુદ્દા સાથે લોકો પાસે જઈશ.આ ચૂંટણીમાં પ્રચાર દરમિયાન ક્રિકેટ રવિન્દ્ર જાડેજા પણ જોવા મળશે.

દરમિયાન રવિન્દ્ર જાડેજાએ એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તેઓ કહે છે કે, જય માતાજી, હું છું રવિન્દ્ર જાડેજા... મારા વ્હાલા જામનગરવાસીઓ અને તમામ ક્રિકેટપ્રેમીઓ આપ સૌ તે જાણો છો કે ચૂંટણી આવી ગઈ છે અને ટી ૨૦ મેચની જેમ ઝડપથી આગળ વધી રહી છે. ભાજપના નેતાઓએ મારી પત્ની રિવાબા પર ઉમેદવારીનો કળશ આપ સૌ ભરોસે ઢોળ્યો છે. તો તેઓ ૧૪ નવેમ્બરે ફોર્મ ભરવા જઈ રહ્યા છે. જામનગરની પ્રજાને, ભાજપને અને જડ્ડુના ચાહકોને શ્રેષ્ઠ વિજય માહોલ બનાવવાની જવાબદારી તમારા સૌના ઉપર છે.

જય માતાજી.રિવાબા જાડેજા મૂળ રાજકોટના રહેવાસી છે અને તેમના પિતા એક ઉદ્યોગપતિ છે. રિવાબાએ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. રિવાબા લાંબા સમયથી સામાજિક કાર્યોમાં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે. રિવાબાએ ૨૦૧૬માં રવિન્દ્ર જાડેજા સાથે લગ્ન કર્યા હતા. ૩ વર્ષ પહેલા ભાજપમાં જોડાનાર રિવાબા જાડેજા અત્યારે ખુબ ચર્ચામાં રહ્યા છે.

# રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાંથી બ્રેક લઈ ગુજરાતમાં પ્રચાર માટે આવશે

અમદાવાદ,તા.૧૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૨ નવેમ્બરે ગુજરાતની મુલાકાતે આવશે, જ્યાં તેઓ પાર્ટી માટે પ્રચાર કરશે. ભારત જોડો યાત્રાના વિરામ દરમિયાન રાહુલ ગુજરાતની મુલાકાત લેશે. ૧૨ નવેમ્બરના રોજ યોજાનારી હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં ભાગ ન લેવા બદલ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષને ભાજપ તરફથી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. હિમાચલ ચૂંટણીમાં પાર્ટી કાર્યકર્તાઓએ રાહુલ ગાંધીને પ્રચાર માટે રાજ્ય પહોંચવાની પણ માંગ કરી હતી, પરંતુ આ દરમિયાન પણ તેમણે પોતાની કૂચ ચાલુ રાખી હતી. હિમાચલમાં ચૂંટણી પૂર્ણ થતાં કોંગ્રેસ ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે રાહુલ પર હારના ડરથી પ્રચારથી દૂર રહેવા અને જવાબદારી ન લેવાનો આરોપ લગાવ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શિમલામાં એક રેલીને સંબોધિત કરતા રવિશંકર પ્રસાદે પૂછ્યું હતું કે, "રાહુલ ગાંધી ક્યાં છે, ક્યાં ગાયબ છે? તે પ્રવાસ પર છે, પણ હિમાચલ પ્રત્યે આટલી ઉદાસીનતા શા માટે?" એવું માનવામાં આવે છે કે આ પ્રશ્નોના કારણે પાર્ટી નેતૃત્વએ રાહુલ ગાંધીને પ્રચાર માટે ગુજરાત જવા વિનંતી કરી છે. આગામી થોડા અઠવાડિયામાં, ચૂંટણી-બાઉન્ડ રાજ્યમાં પક્ષના અગ્રણી નેતાઓ દ્વારા ઘણી પ્રચાર રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે. દરમિયાન, રાહુલ ગાંધી માટે ૨૨ નવેમ્બરનું શિડ્યુલ નક્કી કરવામાં આવ્યું છે, પરંતુ તેમની રેલીઓ ક્યાં યોજાશે તે હજુ સ્પષ્ટ નથી.

# સુરત કોસાડ આવાસમાંથી ઝડપાયું ૧.૫૦ કરોડનું ડ્રગ્સ, ૧ વ્યક્તિની અટકાયત કરાઈ

સુરત,તા.૧૪

સુરતમાં ફરીથી એક વાર દોઢ કિલોથી વધુનું અને ૧. ૫૦ કરોડની કિંમતનું એનડી ડ્રગ્સ ઝડપાયું છે. અમરોલી પોલીસે કોસાડ આવાસમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ ઘટનામાં પોલીસે એક વ્યક્તિની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

નોંધનીય છે કે બે દિવસ અગાઉ જ ગુજરાત એટીએસ અને દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે દિલ્હીથી ૮ કિલો હેરોઈનના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. બાતમીના આધારે દિલ્હીના લાજપતનગર વિસ્તારમાંથી આરોપી હતમતઉલ્લાહની ગાડીની ડેકીમાંથી ૮ કિલો હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો. મૂળ પાકિસ્તાનનો આરોપી હતમતઉલ્લાહ પાછલા ૪ વર્ષથી દિલ્હીમાં ટુરિસ્ટ વિઝા પર રહેતો હતો. ગત મહિને ઈન્ડિયન કોસ્ટગાર્ડ અને ગુજરાત એટીએસએ દરિયામાંથી ૫૦ કિલો ડ્રગ્સ સાથે છ પાકિસ્તાની નાગરિકોને ઝડપ્યા હતા.જેની પાસેથી મળેલી બાતમીના આધારે દિલ્હીના લાજપતનગરમાંથી હતમતઉલ્લાહ નશાના સામાન સાથે ઝડપાયો હતો.ગુજરાત એટીએસ દ્વારા ૧૨ નવેમ્બરે મોટી કામગીરી કરતા જુહાપુરામાંથી એમડી ડ્રગ્સ સાથે બે આરોપીની ધરપકડ કરી હતી.એટીએસ દ્વારા જુહાપુરામાંથી શહેજાદ અને મોહમદ નોફીલની ધરપકડ કરી છે. બે દિવસ પહેલાં ભુજથી આવેલા શખ્સ પાસેથી ડ્રગ્સ પકડાયું હતું. કુલ ૨.૮૦ લાખનું ડ્રગ્સ ઝડપાયું હતુ.સુરત શહેરમાં પોલીસ કમિશનર અજય તોમર દ્વારા યુવાધનને નશાની ચુંગાલમાંથી બહાર કાઢવા માટે વર્ષ ૨૦૨૦થી સુરતમાં કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યુ છે. છેલ્લા બે વર્ષથી સુરત શહેર વિસ્તારમાં ગેરકાયદેસર ડ્રગ્સ તથા ગાંજાની હેરાફેરી કરતા લગભગ ૨૦૦ જેટલાં વ્યક્તિઓને પકડી તેઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સુરતમાં અવારનવાર, લિંબાયત, સચિન, ઉધના સહિતના વિસ્તારમાંથી ડ્રગ્સ પેડલરની અટકાયત કરવામાં આવી છે.ડ્રગ્સના કેસમાં જે તે શહેરની ક્રાઈમ બ્રાંચથી માંડીને એસ.ઓ.જી. સાથે ગુજરાત એટીએસ રેકોર્ડ બ્રેક એન.ડી.પી.એસ.ના કેસ કર્યા છે.

# ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઃ મતદાનના દિવસે શાળા-કોલેજો અને સરકારી કચેરીઓમાં રજા રહેશે

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો જ રહ્યા છે ત્યારે ગુજરાતમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે ચૂંટણીપંચ પ્રયત્નો કરી રહ્યું છે. મતદાનના દિવસે સ્કૂલો-કોલેજોથી અને સરકારી ઓફિસ બંધ રહેશે એવી જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી બે તબક્કા થવાની છે. પહેલા તબક્કા માટે ૧લી ડિસેમ્બર અને બીજા તબક્કા માટે ૫મી ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. ત્યારે જે દિવસે જે જિલ્લાઓમાં મતદાન હશે તે જિલ્લાઓની સ્કૂલ-કોલેજોથી માંડી સરકારી કચેરીઓ બંધ રહેશે. સ્કૂલો-કોલેજો અને સરકારી કચેરીઓના બિલ્ડીંગમાં મતદાન મથક પણ રાખવામા આવે છે. શિક્ષકો,અધ્યાપકોથી માંડી વહિવટી કર્મચારીઓ સહિતના મોટા ભાગના સરકારી કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા હોય છે. આ ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતા અને મતદાન યોગ્ય વિદ્યાર્થીઓ મતદાન કરી શકે તે રજાની જાહેર કરવામાં આવી છે.પ્રથમ તબક્કામાં ૧લી ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર,કચ્છ અને દક્ષીણ ગુજરાતની ૮૯ બેઠકો પર મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૫મી ડિસેમ્બરના રોજ બાકીની ૯૩ બેઠકો પર મતદાન છે. જેમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વધુમાં વધુ મતદાન થાય એવા ધ્યેય સાથે વિવિધ માધ્યમોથી ચૂંટણીપંચ મતદાન અંગે જાગૃતિ ફેલાવી રહ્યું છે.

# નવસારીમાં વરસ્યો હાસ્યનો વરસાદ



નવસારી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં વર્ષા આર્ટસ પ્રસ્તુત સાઈ ગ્રુપના સથવારે પૂજ્ય પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે જાણીતા સીરીયલ ફિલ્મ ના હાસ્ય કલાકાર નીતિન દેસાઈ સર્જિત આનંદનો રસ ચાખ કાર્યક્રમ રજૂ થયો અને હાજર રહેલા વિશાળ સમુદાય ડોલી ઉઠ્યો.. મુંબઈથી ઉપસ્થિત ટીવી સીરીયલ ના જાણીતા કલાકાર નિર્મલ સોની, નીતિન દેસાઈ, પૂજ્ય કૃષ્ણપ્રિય સ્વામી એ સૌને આનંદ નો રસ ચખાડ્યો હતો. સાઈ ગ્રુપના જીતુભાઈ પટેલે સુંદર સંચાલન કર્યુ હતું. ધર્મેશ ચુડાસમાએ વ્યવસ્થા સંભાળી હતી. ઉપસ્થિત કાર્યક્રમમાં અહીંના કોઠારી પૂજ્ય પૂર્ણકામ સ્વામી તથા સૌ સંતો, હરિભક્તોએ એવું અનુભવ્યું કે જાણે કૃપા નો વરસાદ વરસી રહ્યો છે આનંદનો રસ ચાખના વધુ પ્રયોગો તારીખ ૧૯ મી એ કોડ઼ બારડોલી ખાતે, તારીખ ૨૦ મી એ સવારે સાહિત્ય સંગમ સુરત ખાતે અને સાંજે બીએપીએસ સ્વામીનારાયણ દક્ષિણ ગુજરાતનું મહાતીર્થ ધામ સાંકરી મંદિર ખાતે, તારીખ ૨૭મી એ હિંમતનગર બીએપીએસ મંદિર સાંજે રજૂ થશે આવો આપણે સાથે મળીને હાસ્યના વરસાદમાં ભીના થઈએ.

# સુરતમાં ઓવૈસીના વિરોધમાં મુસ્લિમ યુવાનોએ ફરકાવ્યા કાળા વાવટા

સુરત,તા.૧૪

ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે યોજાનાર ચૂંટણી માટે માહોલ જોરદાર ગરમાયો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે એઆઈએમઆઈએમ પણ આ વખતે મેદાનમાં છે. સુરતમાં પોતાના પક્ષના ઉમેદવાર માટે પ્રચાર કરવા આવેલા એઆઈએમઆઈએમ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીને રુદરપુરા ખાડી વિસ્તારમાં જનસભાને સંબોધિત કરતી વખતે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ઓવૈસીના સંબોધન દરમિયાન મુસ્લિમ યુવાનોએ કાળા વાવટા ફરકાવી તેમનો વિરોધ કર્યો હતો.

મળતી માહિતી મુજબ અસદુદ્દીન ઓવૈસી રવિવારે રાતે સુરતની પૂર્વ વિધાનસભા બેઠક પરના એઆઈએમઆઈએમ ઉમેદવાર વસીલ કુરેશીના પ્રચાર માટે સુરતમાં આવ્યા હતા. જ્યાં ભાષણ દરમિયાન અમુક મુસ્લિમ યુવાનોએ કાળા વાવટા ફરકાવીને નારા લગાવ્યા હતા. યુવાનોએ વાપસ જાઓ, વાપસ જાઓ, તેમજ મોદી-મોદી, મોદી ઝીંદાબાદના નારા પણ લગાવ્યા હતા. જો કે સમર્થકોએ બાદમાં આ યુવકોને દૂર હટાવી દીધા હતા પરંતુ થોડો સમય વાતાવરણ ગરમાયુ હતુ.

આ અગાઉ ૧૨ નવેમ્બર શનિવારના રોજ એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી અમદાવાદના દાણીલીમડા વિધાનસભા ક્ષેત્રમાં તેમના પક્ષના ઉમેદવાર કૌશિક પરમારના પ્રચાર માટે એક સભાને સંબોધવા માટે જવાના હતા પરંતુ બાદમાં તેમની સભા રદ કરવામાં આવી હતી.

પાળીયાદ ના સરકારી દવાખાના સામે આવેલા માતૃછાયા હોમિયોપેથીક દવાખાના ના ડો.ભરત જે કોશિયાણી દ્વારા ગઢ શિરવાણીયા ગામના દિનુબેન અરજણદાસ દુધરેજીયા જે છેલ્લા પાંચેક વર્ષથી પથરીના અસહ્ય દુખાવાથી પીડાતા હતા આ સમય ગાળા દરમિયાન ઘણા ડોક્ટરની સારવાર મેળવી પરંતુ તેમાં રાહત મળી ન હતી સોનોગ્રાફી કરાવતા તેમાં ૨૮ એમ એમ ની પથરી કિડનીમાં છે અને એનું ઓપરેશન કરાવવું પડશે જેનો અંદાજિત ખર્ચ ૫૦ હજારની આજુબાજુ થશે આ વાત સાંભળતા દિનુબેન હિંમત હારી ગયા હતા આ ખર્ચને પહોંચી વળવાની તેમની ક્ષમતા ન હોવાથી તેઓએ આ ઓપરેશન કરવાનું ટાળ્યું હતું પરંતુ આસપાસના સગા સંબંધીઓએ તેમને પાળીયાદના માતૃછાયા ક્લિનિક ના ડોક્ટર ભરતભાઈ કોશિયાણી નું નામ આપતા દિનુબેન પાળીયાદ આવ્યા હતા

સાહેબે રિપોર્ટ અને દર્દીને તપાસીને એમને પણ ઓપરેશન કરાવી લેવાની સલાહ આપી હતી પરંતુ દિનુબેન સાહેબે કાઢેલી પથરીઓ જોતા અને ડોક્ટર ભરતભાઈ એ નાના બાળકમાં સૌથી મોટી પથરી કાઢી વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે તેના પર વિશ્વાસ વ્યક્ત કરતા ડોક્ટર કોશિયાણી દ્વારા સારવાર ચાલુ કરી હતી પહેલા પંદર દિવસની દવામાં ૫૦% જેવી રાહત મળતા દિનુબહેન ને હોમિયોપેથીક ની ઝીણી ઝીણી ગોળી પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો હતો અને ધીમે ધીમે સારવાર આગળ ચાલુ રાખતા ઝીણી ઝીણી પથરીઓ ની કણી નીકળવા લાગી હતી અંતે ડોક્ટર કોશિયાણી ની મહેનત રંગ લાવી હતી દિનુબહેન ને "૨૬એમએમ" ની પથરી કિડનીમાંથી આખે આખી પેશાબની નળી વાટે નીકળી ગઈ હતી આખરે દિનુબહેને પથરીની પીડા અને ઓપરેશન નો ડર એ બન્ને માંથી મુક્તિ મેળવી હતી દિનુબહેને ડોક્ટર કોશિયાણી સાહેબ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો આવી જ રીતે પથરીના દર્દ થી પીડાતા લોકો ના દુઃખ દૂર કરો એવા આશીર્વાદ આપ્યા હતા.આ પહેલા બોટાદ ના ડોક્ટર દ્વારા ૨૪.૫ એમએમ ની પથરી કાઢવાનો રેકોર્ડ સર્જ્યો હતો.આ વિશ્વવિક્રમ ની ચકાસણી માટે અમેરિકન સંસ્થા "ગોલ્ડન બુક઼ઓફ વર્લ્ડ રેકોર્ડ" ના એશિયા ખંડ ના જજ આલોકકુમાર ને દર્દી નો પ્રતિભાવ,રિપોર્ટ,અને આનુસંગિક પુરાવાઓ ની જજ દ્વારા ચકાસણી કરી, પાળીયાદ ના ડો.ભરત જે કોશિયાણી ને "ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ" નું સન્માન આપવામાં આવ્યું હતું.

આ પહેલા પણ ડોક્ટર કોશિયાણી દ્વારા નાના બાળક મા સૌથી મોટી પથરી કાઢી વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો.

અત્યાર સુધી મા ૬૦૦૦ હજાર જેટલા સ્પેશિયલ પથરી ના કેસ ની સારવાર કરી ચૂક્યા છે અને કોરોના કાળ દરમિયાન આજુબાજુ ના ગામ માં ફ્રી માં દવા નું વિતરણ પણ કરેલું છે.અને સમાજ સેવા માં હંમેશા અગ્રેસર રહે છે.

# દિવ્યાંગો માટેની વિવિધ સરકારી યોજનાઓ અંગે ભાસ્કરભાઈ પારેખ તથા શહેરનાં દિવ્યાંગોને લગતા નિષ્ણાંતોએ દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન અપાયું

દિવ્યાંગો માટે ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારની એનકવિધ યોજનાઓ જેવી કે પેન્શન, બસ પાસ, નિરામયા યોજના (વિમો), ગાર્ડીયનશીપ સર્ટીફીકેટ, સાધન સહાય યોજના તેમજ દિવ્યાંગોની લગતી સરકારી તમામ યોજનાઓ કાર્યરત હોય છે. અપુરતા જ્ઞાન, પ્રમાણમાં સીમીત શિક્ષણ કે નિરક્ષરતા, પેપર વર્ક અંગેની આળસ અને અણઆવડત, ઉદાસીનતા કે બિમારીને લઈને વ્યાપ્ત નિરાશા વિગેરે જેવા કારણોને લઈને મોટાભાગનાં દિવ્યાંગો સરકારની મળવાપાત્ર યોજનાઓનો લાભ લઈ શકતા નથી અને હેરાન થતા હોય છે. દિવ્યાંગો માટે સતત કાર્યરત, સીનીયર સીટીઝન અને ભુતપુર્વ ગર્વમેન્ટ અધિકારી તેમજ દિવ્યાંગ બાળકો માટેની ×પ્રયાસ× સ્કૂલના સેક્રેટરી ભાસ્કરભાઈ પારેખ દ્વારા દિવ્યાંગો માટે 'નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર' છેલ્લા ૧૪ વર્ષથી ચાલી રહ્યું છે. જેનો અત્યાર સુધીમાં સેંકડો દિવ્યાંગોને લાભ મળી ચૂક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ તા.૧૩ ને રવીવારનાં રોજ ભાસ્કરભાઈ પારેખ દ્વારા મિતલ ખેતાણીના કાર્યલય ખાતે એક નિઃશુલ્ક માર્ગદર્શન સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં શહેરનાં નામાંકીત ડો. પ્રિયા જેસ (ફીઝીયોથેરાપીસ્ટ), ભુમિકા દુધાત્રા (સાઈકોલોજી, સ્પોર્ટસ નિષ્ણાંત), પારુલબેન (સ્પેશ્યલ એજ્યુકેટર, ફોર સ્પેશ્યલ ચાઈલ્ડ નિષ્ણાંત), અરવીનભાઈ (ઈન્સ્યુરન્સ, નિરામયા પોલીસી નિષ્ણાંત), અરીંદભાઈ વોરા (દિવ્યાંગ બાળકોના વારસાઈ હક્કો અંગેના નિષ્ણાંત), આંકાક્ષાબેન વિગેરેએ પોતાનું માર્ગદર્શન દિવ્યાંગ બાળકોને તેમના વાલીઓને આપ્યું હતું. આ કાર્યક્રમમાં



આશરે ૧૫૦ થી વધુ લોકોએ માર્ગદર્શન મેળવ્યું હતું. દિવ્યાંગ બાળકોના વાલીઓએ પોતાના દિવ્યાંગ બાળક અંગેના જે—જે મુંઝવતા પ્રશ્નો હતા તેનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું અને તેમને વિગતવાર સમજ આપવામાં આવી હતી તથા સાથમાં દિવ્યાંગ બાળકો તથા તેમના વાલીઓ માટે નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરાઈ હતી. દિવ્યાંગો અંગેની વિશેષ માહિતી માટે ભાસ્કરભાઈ પારેખ (મો. ૯૪૨૬૩ ૧૭૭૬૩) નો સંપર્ક કરી શકાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.